RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 27-10-2026 I VOL : 12 I Issue : 222 I Page : 8 I Price : 1.00/-

**સુવિચાર**

કોઈની નકલ કરતાં પોતાની ઓળખ બનાવો. સન્માન માંગવાથી નહીં, વર્તનથી મળે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર દુષ્કાળગ્રસ્ત જાહેર...

4

પહેલાં દર્દ પછી પ્રેમ: ઓળખો ઝેરી સંબંધો અને સેન્ડવિચ ઇફેક્ટની...

6

અવનીત કૌરે વેકેશનની મોજ માણી બિકિનીમાં જોવા મળ્યો બોલ્ડ અંદાજ

7

199 રને બેટિંગ કરતો પડિક્કલ ખરાબ અમ્પાયરિંગનો શિકાર

## વિપક્ષ નેતા રાહુલ ગાંધીનો મહારેલીને મુલતવી રાખવાનો ઇનકાર

# જ્ઞાનેશને હટાવો, 30 સેકન્ડમાં આંદોલન રોકી દઈશું: રાહુલ

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ 1 નવેમ્બરે દિલ્હીમાં યોજાનારી મહારેલીને મુલતવી રાખવાનો ઈનકાર કર્યો. રાહુલે સોમવારે X પર લખ્યું કે અમે દિલ્હીના દરેક વેપારીને પ્રેમ કરીએ છીએ અને તેમની વાત સાંભળી રહ્યા છીએ. મોદીજીને કહો કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવી દે. 30 સેકન્ડમાં આંદોલન અટકી જશે. દિલ્હીના કાશ્મીરી ગેટ પર સોમવારે વેપારીઓએ પ્રદર્શન કર્યું. તેમણે કોંગ્રેસને 1 નવેમ્બરે રામલીલા મેદાનમાં યોજાનારી રેલી દિવાળી પછી યોજવાની માગ કરી. ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI)ના અધ્યક્ષ બ્રિજેશ ગોયલે કહ્યું કે આ મુદ્દે INDIA ગઠબંધનના તમામ પક્ષોને પત્ર લખવામાં આવશે. સંગઠને દિવાળીના તહેવારોની સિઝનમાં 10 હજાર કરોડ રૂપિયાના વેપારી નુકસાનની ચેતવણી આપી છે. ખડગેએ X પર લખ્યું- આ તહેવારોની મોસમ છે, પરંતુ આ સમયે તમે કમરતોડ મોંઘવારીનો સામનો કરી રહ્યા છો. સરકારને તેની જરાય ચિંતા નથી, કારણ કે તે માત્ર મતચોરી કરવાનું જ જાણે છે. આ જ સંદર્ભમાં 1 નવેમ્બરે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં 'મત બચાવો, દેશ બચાવો' મહારેલી યોજાશે. તમને અપીલ છે કે બંધારણ અને લોકશાહીને બચાવવા માટે આ રેલીમાં ઉત્સાહપૂર્વક ભાગ લો અને આ અભિયાનને સફળ બનાવો. 1



નવેમ્બરની રેલીથી જથ્થાબંધ બજારો પર ગંભીર અસર પડી શકે છે. વેપાર પર ભારે અસર પડશે, કારણ કે અહેવાલો અનુસાર રામલીલા મેદાનમાં 10 લાખ લોકો એકત્ર થઈ શકે છે, જ્યારે તેની વાસ્તવિક ક્ષમતા આશરે 50 હજાર છે. રામલીલા મેદાનના 5 કિલોમીટરના વિસ્તાર હેઠળ આવતા 20થી વધુ મુખ્ય જથ્થાબંધ બજારોનો વેપાર પ્રભાવિત થઈ શકે છે. તેમાં ચાંદની ચોક, સદર બજાર, ખારી બાવલી, નયા બજાર, ચાવડી બજાર, દરિયાગંજ અને કાશ્મીરી ગેટનો સમાવેશ થાય છે. બેરિકેડિંગ અને રસ્તાઓ બંધ થવાને કારણે દિલ્હીની બહારથી દરરોજ આવતા 3થી 4 લાખ ખરીદદારો બજારો સુધી પહોંચી શકશે નહીં. ટ્રાફિક અને અવરજવર પર પ્રતિબંધની આશંકાને કારણે સ્થાનિક ગ્રાહકો પણ આ બજારોમાં આવવાનું ટાળી શકે છે. રામલીલા મેદાનના 5 કિમીના દાયરામાં ચાંદની ચોક અને કનોટ પ્લેસ સહિત 8 મોટા બજારો આવેલા છે. વેપારી સંગઠન CAIT અનુસાર, 2025માં આ બજારોમાં દિવાળી દરમિયાન તહેવારનું વેચાણ વધીને 75,000 કરોડ સુધી પહોંચી ગયું હતું. INDIA બ્લોકના નેતાઓએ SIR અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માગને લઈને 6થી 13 ઓક્ટોબર વચ્ચે 8 વખત પ્રદર્શન કર્યા. કોકરોચ જનતા પાર્ટી અને લેફ્ટે પણ 10 ઓક્ટોબરે આ જ મુદ્દે પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું, પરંતુ દિલ્હી પોલીસે તેની મંજૂરી આપી નહોતી. આ દરમિયાન શહેરમાં બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું, 45 મેટ્રો સ્ટેશન બંધ રહ્યા હતા અને 7 હજારથી વધુ પ્રદર્શનકારીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

## એક નજર...

### ક્રિતિ સેનનનો ટ્રેડિશનલ અવતાર સોશિયલ મીડિયા પર વાયરલ



બૉલીવુડની સુંદર અને જાણીતી એક્ટ્રેસ ક્રિતિ સેનન પોતાની સુંદરતા અને અદાકારીથી દર્શકોનુ ખુબ દિલ જીતી રહી છે. અભિનેત્રી જ્યારે પણ તસવીરો શેર કરે છે ત્યારે તે આગની જેમ વાયરલ થઈ જાય છે. ક્રિતિ સેનન આ ફોટોશૂટમાં ડાર્ક શેડના ભારે સિક્વિન અને મિરર વર્કવાળા લહેંગા અને મેચિંગ બ્લાઉઝમાં ખૂબ જ રોયલ અને આકર્ષક દેખાઈ રહી છે.

## CJI ચંદ્રચૂડે સરકાર સામે શરણાગતિ સ્વીકારી: પૂર્વ ન્યાયાધીશ કૌલ

### ન્યાયાધીશોની નિમણૂક અંગેના વલણની ટીકા કરી; નિવૃત્તિના અઢી વર્ષ બાદ પુસ્તક લખ્યું

નવી દિલ્હી

પૂર્વ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજય કિશન કૌલે પૂર્વ CJI ડી.વાય. ચંદ્રચૂડના વલણની ટીકા કરી છે. તેમણે કહ્યું કે ચંદ્રચૂડ ન્યાયાધીશોની નિમણૂકના મામલે સરકાર તરફ જરૂર કરતાં વધુ ઝૂકેલા હતા. જસ્ટિસ કૌલે પોતાની આવનારી પુસ્તક 'વિથાઉટ ફિયર ઑર ફેવર'માં સુપ્રીમ કોર્ટની છ ખાલી જગ્યાઓ ભરવા માટે યોજાયેલી કોલેજિયમ બેઠકનો ઉલ્લેખ કર્યો છે. જસ્ટિસ કૌલે કહ્યું કે કોલેજિયમે સરકારના દબાણનો વિરોધ કરવો જોઈએ. આજે નિમણૂકો પહેલાં સરકાર સાથે નામો અંગે ચર્ચા કરવાની પરંપરા બની ગઈ છે.



જસ્ટિસ કૌલે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે સરકાર સાથે વ્યવહાર કરવાની રીતને લઈને મતભેદોએ ડી. વાય. ચંદ્રચૂડ સાથેના તેમના સંબંધોમાં તણાવ પેદા કર્યો. કૌલે પુસ્તકમાં લખ્યું કે છ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની નિમણૂક અંગે વિચારણા દરમિયાન પાંચ નામો પર પહેલેથી જ સહમતિ બની ચૂકી હતી. બેઠકમાં ચંદ્રચૂડે છઠ્ઠા ઉમેદવારનું નામ રજૂ કર્યું. કૌલના જણાવ્યા મુજબ, ચંદ્રચૂડ તેમને એક અલગ રૂમમાં લઈ ગયા અને પૂછ્યું કે શું તેમણે સરકારનો અભિપ્રાય જાણવા માટે ફોન કરવો જોઈએ. કૌલે લખ્યું, "ચીફ જસ્ટિસે મને અલગ રૂમમાં બોલાવ્યો અને વિચારતા કહ્યું કે શું તેમણે સરકારનું વલણ જાણવા માટે ફોન કરવો જોઈએ." ધ વાયર સાથેની વાતચીતમાં કૌલને પૂછવામાં આવ્યું કે શું તત્કાલીન CJI સરકારને ખુશ કરવાનો અથવા તેની અગાઉથી મંજૂરી લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે કહ્યું, "મને નથી લાગતું કે આ સરકારને ખુશ કરવાનો પ્રશ્ન હતો. પરંતુ તેમણે અગાઉ મારી સાથે નામો અંગે ચર્ચા કરી હતી." કૌલે કહ્યું, "અમે પાંચ નામો પર સહમત હતા. મને લાગ્યું કે કોલેજિયમના બાકીના સભ્યો પણ આ નામો પર સહમત થશે. કોલેજિયમની બેઠકમાં જતાં બરાબર પહેલાં છઠ્ઠું નામ મારી સમક્ષ રજૂ કરવામાં આવ્યું."

## રાહુલ ગાંધી માનહાનિ કેસમાં નિર્દોષ જાહેર

### અમિત શાહ વિરુદ્ધ વાંધાજનક નિવેદન આપવાનો આરોપ હતો, 2018માં યુપીમાં કેસ નોંધાયો હતો

નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને અમિત શાહ સાથે જોડાયેલા માનહાનિના કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. સુલ્તાનપુરની MP-MLA કોર્ટે સોમવારે આ નિર્ણય સંભળાવ્યો. ચુકાદા બાદ કોર્ટની બહાર કોંગ્રેસ કાર્યકર્તાઓએ ઢોલ પર ડાન્સ કર્યો. ફટાકડા ફોડ્યા. 'રાહુલ ગાંધી ઝિંદાબાદ'ના નારા લગાવ્યા. રાહુલ સવારે 11.12 વાગ્યે કોર્ટરૂમમાં દાખલ થયા હતા. 11.35 વાગ્યે કોર્ટે તેમને નિર્દોષ જાહેર કરી દીધા. ભાજપ નેતા વિજય મિશ્રાએ ઓગસ્ટ 2018માં રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. આરોપ છે કે રાહુલે 8 મે 2018ના રોજ બેંગલુરુમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું હતું, 'જે પાર્ટી ઈમાનદારીની વાત કરે છે, તેના અધ્યક્ષ પર હત્યાનો આરોપ છે.' આ પહેલાં, રાહુલના કાફલાની ગાડીઓ સોમવારે સવારે સુલ્તાનપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર એકબીજા સાથે અથડાઈ ગઈ હતી.

## NEWS TRACK

### ટ્રમ્પે નોર્વેને ગાળો ભાંડી:કહ્યું- તમને કોઈને અમેરિકામાં આવવા નહીં દઉં, નોબેલ પુરસ્કાર ન મળવાથી નારાજ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવા અંગે ફરી એકવાર નારાજગી વ્યક્ત કરી છે. નોર્વેને ગાળો દેતાં તેમણે જણાવ્યું કે તેઓ ત્યાંથી કોઈને પણ અમેરિકા આવવા દેવા માંગતા નથી. ટ્રમ્પે મિશિગનમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતાં કહ્યું, મેં 8 યુદ્ધો અટકાવ્યાં. તેમ છતાં મને નોબેલ મળ્યો નથી. હું નોર્વેથી કોઈને અહીં આવવા નહીં દઉં. ટ્રમ્પે ફ્રાન્સમાં હાલમાં થયેલી હિંસા માટે પ્રવાસીઓને જવાબદાર ઠેરવ્યા છે. ત્યારબાદ નોર્વેની ટીકા કરતાં તેમણે કહ્યું કે તે એક ખરાબ દેશ બની ગયો છે. ટ્રમ્પ લાંબા સમયથી દાવો કરતા રહ્યા છે કે તેમના રાજદ્વારી પ્રયાસો માટે તેમને નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈએ. તેમણે કહ્યું કે હવે તેમને ફક્ત ઈરાન અને યુક્રેનનું યુદ્નું સમાધાન કરવાનું બાકી છે. ટ્રમ્પે જણાવ્યું કે પુરસ્કારની જાહેરાત પહેલાં તેમને આશા હતી કે આ સન્માન તેમને મળશે. તેમણે પોતાની પત્નીને પણ કહ્યું હતું કે નોબેલ શાંતિ પુરસ્કાર મળવો તેમના માટે સન્માનની વાત હશે.

### અલ્બાનિયામાં વિદ્યાર્થીઓએ PM ઓફિસની ખુરશીઓ સળગાવી: પ્રધાનમંત્રીએ પોતે જ મુકાવી હતી

અલ્બેનિયામાં સરકાર વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓએ રવિવારે વડાપ્રધાન કાર્યાલયની બહાર મૂકેલી ખુરશીઓ સળગાવી દીધી હતી. પીએમ એડી રામાએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા માટે આ ખુરશીઓ મૂકાવી હતી. તેના પર 'ડાયલોગ' એટલે કે વાતચીત લખેલું હતું. પરંતુ વિદ્યાર્થીઓએ વાતચીત કરવાનો ઈનકાર કરી દીધો. પ્રદર્શનકારીઓ ઘણા દિવસોથી રાજધાની તિરાનામાં પ્રદર્શન કરી રહ્યા છે. શિક્ષણ મંત્રાલયની બહાર થોડા સમય સુધી પ્રદર્શન થયું. આ દરમિયાન ઈમારત પર પથ્થરમારો કરવામાં આવ્યો. થોડો સમય રોકાયા બાદ તેઓ વડાપ્રધાન કાર્યાલય તરફ આગળ વધ્યા હતા. ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી: વિદ્યાર્થીઓ સરકાર અને સરકારી અધિકારીઓ પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોની તપાસ ઈચ્છે છે. કોલેજની ફી ઓછી થાય: વિદ્યાર્થીઓની માંગ છે કે અભ્યાસનો ખર્ચ ઘટાડવામાં આવે, જેથી વધુ લોકો ભણી શકે. નોકરીની તકો: યુવાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારની વધુ સારી તકો ઈચ્છે છે.

## જામિયામાં 20 વર્ષ બાદ વિદ્યાર્થી સંઘની ચૂંટણી યોજવાનો આદેશ

નવી દિલ્હી

દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં લગભગ 20 વર્ષ બાદ વિદ્યાર્થી સંઘની ચૂંટણી યોજવાનો આદેશ જાહેક કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી પ્રશાસને સોમવારે જણાવ્યું હતું કે વિદ્યાર્થી સંઘના બંધારણને મંજૂરી મળ્યાના 15 દિવસની અંદર ચૂંટણી યોજવામાં આવશે. પ્રશાસને વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓને જારી કરાયેલા સસ્પેન્શન અને કારણ બતાવો નોટિસ રદ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ, આંદોલન દરમિયાન સુરક્ષાકર્મીઓના વર્તનની તપાસ માટે સમિતિ બનાવવાનું પણ આશ્વાસન આપ્યું છે. જોકે, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ આદેશને અસ્પષ્ટ ગણાવીને કહ્યું છે કે લેખિત ખાતરી ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંઘ પુનઃસ્થાપિત કરવા અને ચૂંટણી યોજવાની માગને લઈને 12 ઓક્ટોબરથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે.

## સેનાએ કહ્યું- ઘૂસણખોરીના દાવાવાળો વીડિયો નકલી

# કોંગ્રેસનો દાવો- અરુણાચલમાં 40-50 કિમી અંદર ઘૂસ્યા ચીની સૈનિકો

નવી દિલ્હી

અરુણાચલ પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ બોસિરામ સિરમે દાવો કર્યો છે કે અપર સુબનસિરી જિલ્લામાં ચીની સૈનિકો ભારતીય સરહદમાં 40-50 કિલોમીટર અંદર સુધી ઘૂસી આવ્યા છે. તેમણે કહ્યું કે સરહદ પર અનેક સ્થળોએ ભારતીય અને ચીની સૈનિકો સામસામે છે, જેના કારણે સૈનિકોની પેટ્રોલિંગ અને સ્થાનિક લોકોની અવરજવરને અસર થઈ રહી છે. સ્થાનિક લોકો પાસેથી મળેલી માહિતીનો હવાલો આપતાં સિરમે જુલાઈના છેલ્લા સપ્તાહમાં સૈનિકો વચ્ચે મારામારી અને



લાકડીઓથી મારામારીની ઘટનાઓ બની હોવાનો દાવો કર્યો. બીજી તરફ, ભારતીય સેનાએ અરુણાચલ પ્રદેશમાં ચીની કબજાના દાવાને લઈને વાયરલ થયેલા એક વીડિયોને નકલી ગણાવ્યો છે. સેનાએ કહ્યું કે આ વીડિયો ઓક્ટોબર 2023માં જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ સાથે છેડછાડ કરીને બનાવવામાં આવ્યો છે. બોસિરામ સિરમના નેતૃત્વમાં કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે 26થી 29 ઑગસ્ટ દરમિયાન અરુણાચલ પ્રદેશના સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ અને ભૂતપૂર્વ ગૃહમંત્રી તાંગા બયાલિંગ તથા અપર સુબનસિરીના સાંસદ જારોડુમ ક્રી પણ સામેલ હતા. પ્રતિનિધિમંડળ ઈટાનગરથી નાચો થઈને લાઈમકિંગ અને તક્ષિંગ ગયું હતું.

## હનીટ્રેપમાં ફસાયો સેનાનો નિવૃત્ત કેપ્ટન, વેલ્લોરથી ધરપકડ

વેલ્લોર

તમિલનાડુના વેલ્લોરમાં 52 વર્ષના નિવૃત્ત સૈન્ય અધિકારી બાબુની ધરપકડ કરવામાં આવી છે. બાબુ પર આરોપ છે કે તેણે સેનાથી સંબંધિત અનેક મહત્વપૂર્ણ માહિતી લીક કરી હતી. કનિયમબાડી પોલીસના જણાવ્યા અનુસાર, બાબુએ વોટ્સએપ દ્વારા એક અજાણી મહિલાને સૈન્ય ઉપકરણો અને ભારતીય સેનાથી સંબંધિત ગુપ્ત માહિતી મોકલી હતી. બાબુ વેલ્લોરના કીઝવલ્લમ ગામનો રહેવાસી છે. તેણે 28 વર્ષ સુધી ભારતીય સેનાની વિવિધ શાખાઓમાં સેવા આપી છે. ગયા વર્ષે તેણે સેનાના ઈક્વિપમેન્ટ ડિવિઝનમાંથી કેપ્ટનના પદ પરથી નિવૃત્તિ લીધી હતી. ત્યાર બાદ તે પોતાના ગામમાં રહેવા લાગ્યો હતો. માહિતી મુજબ, આશરે એક વર્ષ પહેલાં એક અજાણી મહિલાએ બાબુનો વોટ્સએપ પર સંપર્ક કર્યો હતો. મહિલાએ પહેલાં અયોગ્ય વાતચીત દ્વારા તેની સાથે સંબંધ બાંધ્યો.

## 177 શાળાઓ પાસેથી વસૂલ્યા રૂ.100 કરોડ! તમિલનાડુમાં પૂર્વ શિક્ષણ મંત્રીની ધરપકડ

### ખાનગી શાળાઓને કાયમી માન્યતા અપાવવાના બહાને 100 કરોડના કૌભાંડનો આરોપ

ચેન્નાઇ

તમિલનાડુના પૂર્વ શાળા શિક્ષણ મંત્રી અંબિલ મહેશ પોય્યામોઝીની CCB દ્વારા ધરપકડ કરાઈ છે. તેમના પર ખાનગી શાળાઓને કાયમી માન્યતા અપાવવાના બહાને 100 કરોડના કૌભાંડનો આરોપ છે. મદ્રાસ હાઈકોર્ટે આગોતરા જામીન ફગાવતા, અમીનજીકરાઈ સ્થિત એપાર્ટમેન્ટમાંથી તેમની ધરપકડ કરાઈ. તમિલનાડુ ફેડરેશન ઓફ પ્રાયવેટ સ્કૂલ્સ ઍસોસિએશન્સની ફરિયાદથી આ મામલો બહાર આવ્યો. ED પણ મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. તમિલનાડુના પૂર્વ શાળા શિક્ષણ મંત્રી અંબિલ મહેશ પોય્યામોઝીની તમિલનાડુ પોલીસની સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (CCB) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. તેમના પર ખાનગી શાળાઓને કાયમી માન્યતા અને અન્ય સરકારી મંજૂરીઓ અપાવવાના બહાને આશરે 100 કરોડ રૂપિયાના કથિત કૌભાંડમાં સંડોવાયેલા હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. મદ્રાસ હાઈકોર્ટ દ્વારા તેમની આગોતરા જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ સીસીબીની ટીમે અમીનજીકરાઈ સ્થિત તેમના એપાર્ટમેન્ટ પર દરોડો પાડીને તેમની ધરપકડ કરી હતી.

## પેટ્રોલ વગર દોડશે ગાડી! 100% ઈથેનોલથી ચાલતી કારને મંજૂરી

### ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં સુધારા દ્વારા E100 ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી

નવી દિલ્હી

ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં સુધારા દ્વારા E100 ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી છે, જે 100% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર ચાલશે. આ નિર્ણય કાર ઉત્પાદકો દ્વારા નવા મોડેલો લોન્ચ કરતાં પહેલા લેવાયો છે. E85 અને E100નો ઉપયોગ ફક્ત ખાસ ડિઝાઈન કરાયેલા વાહનોમાં જ થઈ શકશે. આ ટૅક્નોલૉજી બ્રાઝિલ જેવા દેશોમાં પ્રચલિત છે, જે કાર્બન ઉત્સર્જન ઘટાડશે અને ક્રૂડ ઓઈલની




આયાત પર નિર્ભરતા ઓછી કરશે. ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં નોટિફિકેશન બહાર પાડીને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી દીધી છે, જે 100% સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ E100 પર ચાલી શકશે. કાર ઉત્પાદકો દ્વારા તેમના E100 મોડેલો લોન્ચ કરવામાં આવે, તેના થોડા મહિનાઓ પહેલા જ આ મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ સુધારા દ્વારા ઉત્સર્જનની જોગવાઈઓમાં E85ની સાથે E100 નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, 'E85 અને E100નો ઉપયોગ માત્ર તે માટે ખાસ ડિઝાઈન અને પ્રમાણિત કરાયેલા વાહનોમાં જ થઈ શકશે અને તે અન્ય સામાન્ય વાહનો માટે લાગુ પડશે નહીં.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

પાક્કો ગુજરાત

મંગળવાર | 27 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### ગુજરાત સરકારનો પાણીની અછતને પગલે મહત્વનો નિર્ણય

# પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર દુષ્કાળગ્રસ્ત જાહેર : ખેડૂતોને પ્રતિ હેક્ટર ચૂકવાશે 8500 રૂપિયાની સહાય!

નબળા ચોમાસા અને પાણીની અછત વચ્ચે રાજ્ય સરકારનો નિર્ણય; બે હેક્ટરની મર્યાદામાં મળશે સહાય, પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવાની પણ ખાતરી



ગાંધીનગર

ગુજરાત સરકારે પાણીની અછતને પગલે મહત્વનો નિર્ણય લીધો છે. નબળા ચોમાસા બાદ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગરને દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ 4 જિલ્લામાં ઓછા વરસાદને કારણે આ નિર્ણય લેવાયો છે. ખેડૂતોને પાક નુકસાન સામે પ્રતિ હેક્ટર 8500 રૂપિયાની સહાય 2 હેક્ટરની મર્યાદામાં અપાશે. ગુજરાત સરકારે પાણીની અછત વચ્ચે મોટો નિર્ણય લીધો છે. રાજ્યમાં આ વખતે ચોમાસું નબળું રહ્યા બાદ ઠેર ઠેરથી પાણીની તંગીના અહેવાલો સામે આવ્યા હતા. ત્યારે ગુજરાત સરકાર દ્વારા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગરને સરકારે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતમાં આ વખતે 89 ટકા વરસાદ થયો છે. એવામાં ખાસ તો દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને કચ્છમાં ઓછો વરસાદ પડ્યો છે. એટલા માટે આ 4 જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવી રહ્યા છે. આ સાથે મુખ્યમંત્રીએ મોટી જાહેરાત કરતાં કહ્યું હતું કે ખેડૂતોના પાકને થયેલા નુકસાન સામે સહાય આપવામાં આવશે. રાજ્ય સરકાર 8500 રૂપિયા પ્રતિ હેક્ટર અને 2 હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. ઉલ્લેખનીય છે કે આ વખતે ગુજરાતમાં જરૂર કરતાં ઓછો વરસાદ નોંધાયો છે અને ઠેર ઠેર પાણીની અછતના અહેવાલ સામે આવી રહ્યા છે. એમાંય ખાસ તો સૌરાષ્ટ્ર તરફ વધારે પડતી તકલીફ પડી રહી છે.

સૌની યોજના દ્વારા પાણીનો સપ્લાય બંધ કરવાની ફરજ પડી છે. જેના કારણે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં પાણીનો સપ્લાય જ ખોરવાઈ ગયો છે. બીજી બાજુ નદીઓ અને તળાવો સુકાવા માંડ્યા છે. ડેમમાં પાણીનું લેવલ ઘટવા લાગ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પણ પાણીનું લેવલ ઘટ્યું હોવાની જાણકારી મળી રહી છે. ત્યારે આગામી ચોમાસા સુધી કેવી રીતે પાણીની વ્યવસ્થા કરવી તેને લઈને ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ સ્તરે ચર્ચા કરવામાં આવી હતી.

## આંગડિયા પેઢીને લૂંટવાનું આંતરરાજ્ય ષડયંત્ર SOGએ નિષ્ફળ બનાવ્યું!!!

રાજકોટ

તહેવારોની મોસમ ટાણે જ સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાંથી એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. રાજકોટ શહેરને હચમચાવી નાખવાના અને કરોડો રૂપિયાની આંગડિયા પેઢીઓને નિશાન બનાવવાની કુખ્યાત આંતરરાજ્ય લૂંટારુ ગેંગની ખતરનાક યોજનાને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી (SOG) ની ટીમે અદભુત બાજ નજર રાખીને નિષ્ફળ બનાવી દીધી છે. પોલીસની સમયસૂચકતા અને આક્રમક કાર્યવાહીના કારણે એક મોટો અનર્થ થતો અસલી ટામે અટકી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ એસઓજીની ટીમને બાતમી મળી હતી કે બહારના રાજ્યોમાંથી આવેલી એક કુખ્યાત ગુનેગારોની ગેંગ સૌરાષ્ટ્રભરમાં કરોડોની હેરાફેરી કરતી આંગડિયા પેઢીઓ અને સોના-ચાંદીના વેપારીઓને લૂંટવા માટે લાંબા સમયથી રેકી કરી રહી છે. આ બાતમીના આધારે સક્રિય થયેલી પોલીસે કુવાડવા નજીક આવેલી વાંકાનેર ચોકડી પાસેથી ફિલ્મી ઢબે વોચ ગોઠવીને શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક XUV કારને આડેધડ ઘેરી લીધી હતી અને પાંચ ખૂંખાર શખ્સોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી હતી. જોકે, આ ગેંગનો એક મુખ્ય આરોપી અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો, જેની શોધખોળ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. પોલીસે પકડાયેલા આરોપીઓની અંગજડતી અને તેમની XUV કારની તલાશી લેતા પોલીસ અધિકારીઓના પણ હોશ ઉડી ગયા હતા.

## વડોદરામાં અરેરાટી: પંચવટી-ગોરવા વિસ્તારમાં નર્મદા કેનાલમાં યુવકનો ઝંપલાવતો આપઘાતનો પ્રયાસ

વડોદરા

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે. શહેરના પંચવટી-ગોરવા વિસ્તારમાં આવેલી નર્મદા કેનાલના ઊંડા પાણીમાં એક યુવકે અગમ્ય કારણોસર અચાનક કૂદકો મારીને જીવન ટૂંકાવવાનો ગંભીર પ્રયાસ કર્યો છે. રાત્રિના સુમારે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, ગોરવા વિસ્તારમાં આવેલી જાણીતી જનકપુરી સોસાયટીમાં રહેતા મોહનસિંગ નામના વ્યક્તિએ રાત્રે અંદાજે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ પંચવટી-ગોરવા પાસેથી પસાર થતી નર્મદા કેનાલની પાળ પર પહોંચીને કોઈ અગમ્ય અને માનસિક મુંઝવણભર્યા કારણોસર અચાનક કેનાલના ઘસમસતા પાણીમાં ઝંપલાવી દીધું હતું. રાત્રિના શાંત વાતાવરણમાં કેનાલમાં પડવાનો અવાજ આવતા આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા, પરંતુ મોહનસિંગ પાણીના પ્રવાહમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક રહીશો દ્વારા તરત જ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વડોદરા ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી અને રાત્રિના અંધારામાં જ કેનાલના પાણીમાં યુવકની શોધખોળ માટેનું ઓપરેશન યુદ્ધના ધોરણે શરૂ કરી દીધું હતું.

### અહેવાલનો ધડાકો અને તંત્ર ઢીલું

## ડભોઈ-વેગા માર્ગ પર 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના અહેવાલનો ધાક, 100 કલાકમાં ઊંઘતું તંત્ર દોડતું થયું

ડભોઈ

જાહેરમાં જનતાના પ્રશ્નોને વાચા આપતા અને કુંભકર્ણની નિંદ્રામાં સોંપાયેલા સરકારી તંત્રને જગાડતા 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના ધારદાર અહેવાલનો જબરદસ્ત વિજય થયો છે. ડભોઈ તાલુકાના અત્યંત વ્યસ્ત અને મહત્વપૂર્ણ એવા ફરતીકૂઈથી વેગા સુધીના માર્ગ પર તંત્ર દ્વારા કરવામાં આવેલી ગંભીર બેદરકારી સામે પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા અહેવાલ પ્રસારિત કરાતાં જ નિંદ્રાધીન માર્ગ અને મકાન વિભાગ સફાળું જાગ્યું છે. અહેવાલના તીખા પડઘાને કારણે માત્ર ૧૦૦ કલાકની અંદર યુદ્ધના ધોરણે રસ્તા પર 'સફેદ પટ્ટા' (રોડ માર્કિંગ) મારવાની કામગીરી શરૂ



કરી દેવામાં આવી છે. વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તરફ જતા આ મુખ્ય માર્ગનું નવીનીકરણ તાજેતરમાં જ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ડામરનો ચોખ્ખો રોડ તો બનાવી દેવાયો, પરંતુ રાત્રિના સમયે વાહનચાલકોની સુરક્ષા માટે અત્યંત અનિવાર્ય એવા સફેદ પટ્ટા મારવાનું માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ સાવ ભૂલી જ ગયા હતા! રાત્રિના ઘનઘોર અંધારામાં અને ધુમ્મસભર્યા વાતાવરણમાં વળાંકો ન દેખાવાના કારણે દરરોજ હજારો વાહનચાલકો અને પ્રવાસીઓના જીવ જોખમમાં મુકાતા હતા. અકસ્માતનો મોટો ભય સત સતત તોળાતો હતો. પ્રજાની આ ગંભીર સમસ્યા અને તંત્રની લાપરવાહીને 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા અગ્રતાક્રમે રજૂ કરવામાં આવી હતી. અહેવાલ છપાતાની સાથે જ ગાંધીનગરથી લઈને સ્થાનિક વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ગણતરીના ૪ દિવસ (૧૦૦ કલાક)ની અંદર તંત્રએ તાબડતોબ આધુનિક મશીનરી અને મજૂરોનો કાફલો સ્થળ પર ઉતારીને રોડ માર્કિંગનું કામ પૂરજોશમાં શરૂ કરી દીધું છે.

આ કામગીરી શરૂ થતાં સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે Relief અને આનંદની લાગણી તો પ્રસરી છે, પરંતુ સાથે સાથે જનતામાં એક મોટો અને કડવો સવાલ પણ ઊભો થયો છે કે: શું સરકારી અધિકારીઓ પોતાની આંખે જનતાની તકલીફો જોઈ શકતા નથી? કોઈ નિર્દોષનો જીવ જાય કે મીડિયામાં અહેવાલનો કોડા વાગે ત્યારે જ કેમ તંત્ર સફાળું જાગે છે? સફેદ પટ્ટા વાગી જતાં હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા દેશ-વિદેશના પ્રવાસીઓ તેમજ રોજિંદા વાહનચાલકો માટે રાત્રિની મુસાફરી ભયમુક્ત અને સુરક્ષિત બની છે.

### ખેડાના ઠાસરામાં સરપંચની દાદાગીરી

## ઓઝરાળા ગામમાં સરકારી સર્વેયરોને પંચાયતમાં દોરડાથી બાંધી તાલિબાની સજા

ખેડા

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ઓઝરાળા ગામે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી એક અત્યંત સનસનાટીભરી અને શરમજનક ઘટના સામે આવી છે. ગામમાં ખેતીના પાક સર્વેની સરકારી કામગીરી અર્થે ગયેલા બે નિષ્પાપ સરકારી કર્મચારીઓ (સર્વેયરો) પર ગ્રામ પંચાયતના સરપંચ અને તેમના સાગરીતોએ તાલિબાની માનસિકતા દાખવી અમાનુષી અત્યાચાર ગુજાર્યો છે. સરકારી કર્મચારીઓને પંચાયતમાં જ દોરડાથી બાંધીને ગાળો ભાંડવા સાથે ઢોર માર મારવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ થતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સરકારી ફરજ ભાગરૂપે પાક સર્વેની કામગીરી પૂર્ણ કરીને પરત ફરી રહેલા કર્મચારીઓને અટકાવીને ઓઝરાળાના સરપંચ જયદીપ પટેલ અને સાગર પટેલ નામના શખ્સે તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ દાદાગીરી પર ઉતરી આવેલા આ શખ્સોએ બંને સરકારી કર્મચારીઓને પકડાઈને ગ્રામ પંચાયત કચેરીમાં બંધક બનાવ્યા હતા. ત્યાં તેમને દોરડાથી બાંધી દઈને બેફામ ગાળો આપી ઢોર માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, કર્મચારીઓ પાસે રહેલા રૂ. ૨૪,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોન પણ આંચકી લઈ ગટરમાં ફેંકીને તોડી નાખ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. હુમલાખોરોએ સરકારી કર્મચારીઓને સ્પષ્ટ ધમકી આપી હતી કે, 'જો હવે ફરીથી આ ગામમાં પગ મૂક્યો છે તો જીવતા પાછા નહીં જાઓ!' આ ઘટનાને પગલે સરકારી કર્મચારીઓની સુરક્ષા અને કાયદાના શાસન સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

### 1885ના કાશિયા કાયદા અને સરકારના પરિપત્ર સામે ઉગ્ર આંદોલનની ચીમકી

## ડભોઈમાં પાવરગ્રીડ સામે ખેડૂતોનો વિસ્ફોટ: 14 ગામોના ખેડૂતોનું પ્રાંત અધિકારીને આવેદનપત્ર

ડભોઈ

ડભોઈ તાલુકામાં પાવરગ્રીડ કંપની અને સરકારના ખેડૂતવિરોધી નીતિ-નિયમો સામે અસરગ્રસ્ત ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. તાલુકાના પલાસવાડા, અંગુઠણ, માનપુરા, રસુલપુરા, ભાવપુરા, ભીલાપુર અને કુવારવાડા સહિત કુલ ૧૪ ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ડભોઈ તાલુકા ખેડૂત સમાજના બેનર હેઠળ તમામ ખેડૂતોએ રેલી સ્વરૂપે પહોંચીને પ્રાંત અધિકારી તેમજ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તેમના પડતર પ્રશ્નોનું યોગ્ય અને સંતોષકારક નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્રમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. ખેડૂતોમાં સખત વિરોધનું મુખ્ય કારણ રાજ્ય સરકાર દ્વારા ૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પાવરગ્રીડના વળતર બાબતે બહાર પાડવામાં આવેલો નવો પરિપત્ર છે. ખેડૂતોનું કહેવું છે કે આ પત્ર ખેડૂતોના હિતમાં નથી પરંતુ કંપનીઓને ફાયદો કરાવવા માટે બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, આધુનિક સમયમાં પણ ખેડૂતો



પર અંગ્રેજોના સમયનો ૧૮૮૫નો ટેલિગ્રાફ એક્ટ ઠોકી બેસાડવા સામે ખેડૂત આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આવેદનપત્રમાં ખેડૂતોએ મુખ્યત્વે નીચે મુજબની ગંભીર બાબતો પર ચિંતા વ્યક્ત કરી છે: વીમા કવચનો સંપૂર્ણ અભાવ: ખેતરોમાંથી ૭૬૫ કેવી જેવી અતિ ઉચ્ચ દબાણવાળી વીજલાઈન પસાર થવાની છે. આટલી હાઈવોલ્ટેજ લાઈનથી ખેતરમાં કામ કરતા ખેડૂતો, ખેતમજૂરો અને પશુધનના જાનમાલનું સતત મોટું જોખમ રહેલું છે. આમ છતાં, સરકારી પરિપત્રમાં સુરક્ષા કે વીમા કવચ અંગે એક પણ શબ્દ લખવામાં આવ્યો નથી.

## ઉપલેટા સીમમાં એરંડાના ખેતરમાં ચાલતા જુગારધામ પર LCBનો દરોડો : 6 ઝડપાયા, 3 ફરાર

રાજકોટ

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર નાઓ દ્વારા દારૂ-જુગારની પ્રવૃતિ શોધી કાઢી આવી ગેર-કાયદેસર પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ની ટીમે એક મોટી સફળતા મેળવી છે.

એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારના ઉપલેટા પાટણવાવ રોડ ઢોરાવાળી પીપળ સીમ વિસ્તારમાં વિમલભાઈ રાજાભાઈ કનારા તથા ઉપલેટા વિજડી રોડવાળા મયુરભાઈ મુંજાભાઈ ભારાઈના કબ્જા-ભોગવટાની વાડીમાં ખેતરની વચ્ચેના ભાગે એરંડાના પાકની આડમાં રેડ કરી હતી. ત્યાં બહારથી માણસો બોલાવી તીન પત્તીનો જુગાર રમી રમાડી લાઈટ-પાણીની તથા જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી જુગારનો અખાડો ચલાવવામાં આવી રહ્યો હતો.

### ગાંધીનગરમાં રાજકીય ગરમાવો

## પોલીસ ભવન ખાતે ભાજપ સરકારના ઈશારે થતી પોલીસ તાનાશાહી સામે કોંગ્રેસનો હલ્લાબોલ

ગાંધીનગર

રાજધાની ગાંધીનગર સ્થિત પોલીસ ભવન (DGP કચેરી) ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા ભાજપ સરકારની રાજકીય બદલાક્ષી, દમનકારી નીતિઓ અને પોલીસ તંત્રના કથિત દુરુપયોગ સામે આક્રમક વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદેશ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ જગદીશ ઠાકોર, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિતના વિરોધ પક્ષના અગ્રણી નેતાઓ અને કાર્યકરોએ એકઠા થઈને ભાજપ સરકારના ઈશારે થઈ રહેલી 'પોલીસ તાનાશાહી' સામે વિરોધ નોંધાવ્યો હતો.

ગાંધીનગરના ખોરજ ગામની કરોડો રૂપિયાની કિંમતી જમીન વિવાદ અને અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફ.આઈ.



આર. મામલે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના આક્ષેપ મુજબ, આ મામલામાં રાજકીય દ્વેષબુદ્ધિ રાખીને તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓના ઈશારે કોંગ્રેસ નેતા જગદીશ ઠાકોરનું નામ એફ.આઈ.આર.માં ઉમેરીને બદનામ કરવાનો અને ખેડૂતોના હકનો અવાજ દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે સત્તાધીશો પર આકરા પ્રહારો કરતા સીધો પડકાર ફેંક્યો હતો કે, 'સત્તાના દમ પર સત્યનો અવાજ દબાવવાની માનસિકતા હવે ચલાવી લેવામાં નહીં આવે. ભાજપ સરકાર ભલે ગમે તેટલું દમન કરે કે ધરપકડ કરે, અન્યાય અને સરમુખત્યારશાહી સામે ન તો કોંગ્રેસ ક્યારેય ઝૂકી છે, ન તો ક્યારેય ઝૂકશે!' કોંગ્રેસ નેતાઓએ ગંભીર આરોપ લગાવ્યા હતા કે, પ્રજાના રક્ષણ માટે બનેલું પોલીસ તંત્ર આજે સત્તાધારી પક્ષના હાથપગ બનીને વિપક્ષના નેતાઓ અને ગરીબ ખેડૂતોને ધમકાવવાનું કામ કરી રહ્યું છે. આ મામલે ગાંધીનગરના વરિષ્ઠ પોલીસ અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ હોવાના અને ૧૧ કરોડ રૂપિયાની લાંચ માગવામાં આવી હોવાના પણ સનસનાટીભર્યા આક્ષેપો પત્રકાર પરિષદ અને વિરોધ દર્શનમાં કરવામાં આવ્યા છે.

## લોકશાહીની મજાક કે રબર સ્ટેમ્પ શાસન? છોટાઉદેપુર નગરપાલિકામાં 'સુપર પ્રમુખ'ના વહીવટ સામે જનતામાં ભારે રોષ અને આક્રોશ!

છોટાઉદેપુર

છોટાઉદેપુર નગરપાલિકાના વહીવટી તંત્રમાં સત્તાનો 'રિમોટ કંટ્રોલ' વાસ્તવમાં કોના હાથમાં છે તે અંગે સ્થાનિક રાજકારણમાં મોટો ધડાકો થયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વખતે જાગૃત નાગરિકો, બુદ્ધિજીવીઓ અને વિપક્ષ દ્વારા જે ગંભીર આશંકાઓ વ્યક્ત કરવામાં આવી હતી, આજે અક્ષરસઃ એ જ વાતો છોટાઉદેપુરની પ્રજાના મોઢે ચર્ચાઈ રહી છે. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને માત્ર નામ પૂરતા આગળ ધરીને, પડદા પાછળથી કોઈ અન્ય જ શક્તિઓ દ્વારા કારભાર ચલાવવામાં આવી રહ્યો છે તેવી સ્થિતિ સર્જાતા નગરપાલિકાનો વહીવટ ભારે હાસ્યાસ્પદ અને પ્રશ્નાર્થભર્યો બન્યો છે. ચૂંટણી વખતે રજનીબેનને પ્રમુખ પદે બેસાડવા પાછળના




રાજકીય ખેલ અને સમીકરણો અંગે ત્યારે પણ સવાલો ઊઠ્યા હતા, પરંતુ આજે એ સવાલ વધુ ઘેરો અને ગંભીર બન્યો છે કે: શું રજનીબેન માત્ર નામનાં જ પ્રમુખ છે? નગરપાલિકામાં પ્રજાના હિતનો કોઈ પણ મોટો કે મહત્વનો નિર્ણય લેવાનો હોય, અથવા વિકાસકામોની ફાઈલો મંજૂર કરીને ક્લિયર કરવાની હોય, ત્યારે પ્રમુખ પોતાની સ્વતંત્ર બુદ્ધિ કે સત્તાથી કોઈ નિર્ણય લઈ શકતા નથી તેવી ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. પડદા પાછળ રહીને આખી પાલિકાનો વહીવટ હાંકતા 'સુપર પ્રમુખ' અને તેમની ખાસ સિન્ડિકેટ જ તમામ વહીવટી દોરીસંચાર કરી રહી હોવાના આક્ષેપો સ્થાનિક સ્તરે થઈ રહ્યા છે.

પોતાના મૂલ્યવાન વોટ આપીને પાલિકામાં પોતાના પ્રતિનિધિઓ ચૂંટીને મોકલનાર છોટાઉદેપુરના સામાન્ય જનતા અને મતદારો આજે ખુદને ઠગાયેલા અને છેતરાયાની લાગણી અનુભવી રહ્યા છે. નગરપાલિકાનો વહીવટ હંમેશાં જનતાના સીધા હિતમાં, પારદર્શકતાથી અને બંધારણીય નિયમો મુજબ જ ચાલવો જોઈએ, નહીં કે બેકસીટ ડ્રાઈવિંગ કરતા કે પડદા પાછળ બેસીને દોરીસંચાર કરતા અદ્રશ્ય નેતાઓના ઈશારે.

### ભાજપની રેલીમાં ભીડ ભેગી કરવાના ફાંફાં

## પૈસા આપવા છતાં લોકો ન ફરકતા હવે ગરીબો અને નર્સિંગના વિદ્યાર્થીઓને લોભ-લાલચ આપી એકઠા કરવાનો પર્દાફાશ!!!

ગાંધીનગર

રાજ્યમાં હાલ જે પ્રકારે રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે, તેને જોઈને એવું સ્પષ્ટ થઈ ગયું છે કે સત્તાના નશામાં ચૂર ભાજપની જમીન હવે સરકવા લાગી છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ભાજપના નેતાઓને હવે જાહેરસભાઓ અને રેલીઓમાં ભીડ ભેગી કરવા માટે પણ મોટે પાયે જૂઠાણાંનો સહારો લેવો પડી રહ્યો છે. એક સમય હતો જ્યારે શાસક પક્ષની રેલીઓમાં પડાપડી



થતી હતી, પરંતુ આજની તારીખમાં સ્થિતિ એવી છે કે રેલીમાં જવા માટે પૈસા આપવાની ઓફર કરવા છતાં સામાન્ય જનતા કે નાગરિકો બીજેપીના મંચ પર પગ મૂકવા જરાય રાજી નથી. પરિસ્થિતિ એટલી કફોડી બની ગઈ છે કે જે પક્ષ હંમેશાં પોતાની તાકાતના દાવા કરતો હતો, તે આજે મૂળ પાયાના નેટવર્ક પર નિર્ભર થઈ ગયો છે. હાલની સ્થિતિ જોઈને તો એવું લાગે છે કે હવે પક્ષના સામાન્ય કાર્યકરો, પેજ પ્રમુખો અને હોદ્દેદારોને પણ જાહેરમાં આવી પોલખોલ અને શરમજનક દેખાવવાળી રેલીઓમાં જતા શરમ આવવા લાગી છે. પક્ષના અંદરખાનેથી જ વિરોધ અને અસંતોષનો સુર ઉઠવા લાગ્યો છે. જ્યારે જનતાએ જાહેરમાં મોઢું ફેરવી લીધું, ત્યારે ભીડ દેખાડવા માટે તંત્ર અને નેતાઓ દ્વારા એક નવો જ ખેલ પાડવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. અહેવાલો મુજબ, રેલીમાં સંખ્યા દેખાડવા માટે ગરીબ પરિવારોને મકાન ફાળવવાની કે સરકારી યોજનાઓનો લાભ આપવાની લાલચ આપવામાં આવી હતી. આટલું જ નહીં, પરંતુ ભોળા અને મજબૂર નર્સિંગના વિદ્યાર્થીઓને પણ આ રાજકીય ખેલમાં ઘસડી જવામાં આવ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

## તંત્રી લેખ...

# ઘરના છોકરા ઘંટી ચાટે અને બહારના ખાય લોટ! ગુજરાતમાં વીજળીનો વિપુલ જથ્થો છતાં પ્રજાને વીજકાપનો ડામ–સિસ્ટમ બદલાશે કે સરકાર?

'ઘરના છોકરા ઘંટી ચાટે અને બહારના ખાય લોટ'–આ પ્રાચીન ગુજરાતી કહેવત આજે ગુજરાત સરકારના વીજ વહીવટ અને ઊર્જા નીતિ પર અક્ષરસઃ સાચી ઠરી રહી છે. જે રાજ્ય પોતાના વિપુલ સંસાધનોના બળે દેશભરમાં 'પાવર સરપ્લસ' એટલે કે વધારાની વીજળી ધરાવતા રાજ્ય તરીકે મોટો રોફ જમાવે છે, તે જ ગુજરાતના સામાન્ય નાગરિકો, ખેડૂતો અને સ્થાનિક ઉદ્યોગકારો આજે કાળઝાળ ગરમી અને બિનઅધિકૃત વીજકાપ (Power Cuts) નો આકરો સંતાપ ભોગવી રહ્યા છે.

ગુજરાતની ધરતી પરથી ઉત્પન્ન થતી અફાટ વીજળીનો લાભ રાજ્યના પોતાના નાગરિકોને મળવાના બદલે બહારના રાજ્યો અને વીજ કંપનીઓને મોંઘા ભાવે પીરસાઈ રહ્યો છે, ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે: શું આ શાસકો સિસ્ટમ બદલશે કે પછી પ્રજાએ સરકાર બદલવાનો વારો લાવવો પડશે?

### આંકડાઓની માયાજાળ અને કડવી વાસ્તવિકતા

ઊર્જા ક્ષેત્રના આંકડાઓ પર નજર કરીએ તો ચિત્ર અત્યંત ચોંકાવનારું અને આક્રોશ જગાડે તેવું છે: ઉત્પાદન ક્ષમતા: ગુજરાતમાં પવનચક્કીઓ (Wind Energy), સોલાર પાવર પ્લાન્ટ્સ (Solar Energy), થર્મલ પાવર અને નર્મદા સરદાર સરોવર ડેમ જેવા હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ મળીને અંદાજે ૭૭,૦૦૦ મેગાવોટ જેટલી મસમોટી વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા અસ્તિત્વ



ધરાવે છે.રાજ્યની વાસ્તવિક જરૂરિયાત: તેની સરખામણીએ સમગ્ર ગુજરાત રાજ્યની દૈનિક કે પીક વીજ માંગ અંદાજે માત્ર ૨૯,૮૨૨ મેગાવોટ જેટલી જ છે.

આ ગણિત સાવ સરળ છે: રાજ્ય પાસે તેની જરૂરિયાત કરતાં બેગણાથી પણ વધુ વીજળી ઉત્પન્ન કરવાનો સ્ત્રોત ઉપલબ્ધ છે. આમ છતાં, કાઈટ અને સોલાર હબ ગણાતા ભાવનગર, અમરેલી, કચ્છ, રાજકોટથી લઈને અમદાવાદ અને ગાંધીનગર સુધીના વિસ્તારોમાં વારંવાર વીજળીના ધાંડિયા કેમ સર્જાય છે? ખેડૂતોને સિંચાઈ માટે પૂરતા કલાક વીજળી મેળવવા માટે રસ્તા પર ઊતરવું પડે છે અને સ્થાનિક નાના ઉદ્યોગોને પાવર કટના કારણે કરોડોનું નુકસાન સહન કરવું પડે છે.

### મોંઘા ભાવે બહાર વેચાણ અને પ્રજા પર ટેરિફનો બોજ!

રાજ્યમાં વિપુલ પ્રમાણમાં વીજળી હોવા છતાં, તંત્ર દ્વારા બાકીની વધારાની વીજળી અન્ય રાજ્યોને કે નેશનલ ગ્રીડમાં મોંઘા ભાવે વેચી દેવામાં આવે છે. વીજ કંપનીઓ અને વહીવટકર્તાઓ પોતાનું સરપ્લસ માર્જિન અને નફો રળવામાં મશગૂલ છે, જ્યારે બીજી તરફ સ્થાનિક ગ્રાહકો પર 'ઈંધણ સચાર્જ' (FPPPA) અને વિવિધ વેરાઓના નામે વીજ બિલનો તોતિંગ બોજ ઝીંકવામાં આવી રહ્યો છે. પોતાની જમીન પર પવનચક્કીઓ અને સોલાર પેનલોના પ્લાન્ટ સ્થાપવા માટે જમીનો આપનાર ગુજરાતનો નાગરિક આજે મોંઘી વીજળી ખરીદવા મજબૂર બન્યો છે. જનતાના ટેક્સના પૈસા અને રાજ્યના કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને બનાવેલી વીજળી બહારના રાજ્યોને મોકલીને 'ઉજળા ચહેરા' બતાવવાનો આ ખેલ હવે પ્રજાની સહનશક્તિની બહાર જઈ રહ્યો છે.

### સિસ્ટમ બદલાશે કે સત્તા? 'પાક્કો ગુજરાત'નો સીધો ચબરાક

લોકશાહીમાં સરકાર પ્રજાના કલ્યાણ અને સેવા માટે હોય છે, નહીં કે વેપારી માનસિકતાથી પ્રજાના હકોનું શોષણ કરવા માટે. જ્યારે રસ્તાઓ પર ખેડૂતો વીજળી માટે આંદોલન કરી રહ્યા હોય અને સામાન્ય નાગરિક ગરમીમાં શેકાઈ રહ્યો હોય, ત્યારે સત્તાધીશો 'ગ્લોબલ ગુજરાત'ના ગુણગાન ગાય તે કેટલું વ્યાજબી છે?

'પાક્કો ગુજરાત ન્યૂઝ' પોતાના આ તંત્રીલેખ દ્વારા તંત્ર અને રાજ્યના આકાઓને સ્પષ્ટ શબ્દોમાં સવાલ કરે છે: ૧. જો ગુજરાત પાસે ૭૭,૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા છે, તો પછી સ્થાનિક નાગરિકો અને ખેડૂતોને ૨૪ કલાક અવિરત અને સસ્તા દરે વીજળી કેમ નથી મળતી?

૨. પોતાના રાજ્યની પ્રજાને અંધારામાં રાખીને બહારના રાજ્યોને વીજળી વેચવાની આ ભ્રષ્ટ અને દિશાહીન નીતિ કોના ઈશારે ચાલી રહી છે?

૩. જો વર્તમાન શાસકો પોતાની આ જનવિરોધી સિસ્ટમ અને ઊર્જા નીતિમાં તાત્કાલિક સુધારો નહીં કરે, તો આગામી સમયમાં જનતા પોતાનો અવાજ બુલંદ કરીને સત્તાનો કંટ્રોલ બદલતા અચકાશે નહીં. પ્રજાનો આક્રોશ હવે સીમા વટાવી રહ્યો છે. તંત્ર વહેલી તકે જાગે અને પોતાની નીતિઓમાં સુધારો કરીને સ્થાનિક નાગરિકોને પ્રથમ અગ્રતા આપે તે જ રાજ્યના હિતમાં છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પહેલાં દર્દ પછી પ્રેમ: ઓળખો ઝેરી સંબંધો અને સેન્ડવિચ ઈફેક્ટની માયાજાળ

## ઘા આપીને મલમ લગાવતી વ્યક્તિ ક્યારેય તમારી હિતેચ્છુ હોઈ ન શકે

વારંવાર ઘા મારીને પછી પગે પડતી વ્યક્તિ પ્રેમ નથી કરતી, એ માત્ર તમારી સહનશક્તિની સીમા માપે છે. જ્યાં માફી એ ભૂલ સુધારવાનું સાધન નહીં પણ ફરી વાર ઘા કરવાની પરવાની બની જાય, ત્યાંથી નીકળી જવું એ જ સાચું આત્મસન્માન છે.

માનવ સંબંધોનો સાચો પાયો પરસ્પર વિશ્વાસ, આદર અને સમાનતા પર ટકેલો હોય છે. પરંતુ આજના સમયમાં ઘણા સંબંધો લાગણીઓના નામે માત્ર 'માનસિક નિયંત્રણની રમત' બનીને રહી ગયા છે. જીવનમાં કેટલીકવાર એક એવી વિચિત્ર અને દર્દનાક સ્થિતિ સર્જાય છે જ્યાં સામેવાળી વ્યક્તિ પહેલાં તમારું જાહેરમાં કે એકાંતમાં અપમાન કરે, તમારા આત્મસન્માનને કચડી નાખે અને પછી અચાનક હાથ જોડીને માફી માંગે, અઢળક પ્રેમ અને ભેટ-સોગાદો વરસાવવા લાગે. તમે લાગણીવશ થઈને જૂની બધી પીડા ભૂલી જાવ છો, પરંતુ થોડા જ દિવસોમાં ફરી એ જ અપમાન અને ઘાનો દોર શરૂ થાય છે.

સેન્ડવિચ ઈફેક્ટ જ્યાં અપમાન અને પીડાને બે મીઠા શબ્દો કે પ્રેમના સ્તર વચ્ચે સેન્ડવિચની જેમ પીરસવામાં આવે છે.

શોષણની સુનિયોજિત રમત ત્રણ તબક્કાનું ઝેરી ચક્ર

આ કોઈ ક્ષણિક ક્રોધ કે અકસ્માત નથી, પરંતુ મગજ પર કાબૂ મેળવવાની એક ગણતરીપૂર્વકની રણનીતિ છે.

પ્રથમ તબક્કો (પીડા અને ઘા): તમારી નાની ભૂલ પર મોટો હોબાળો કરવો, તમારી નબળાઈઓ પર પ્રહાર કરવો, અપશબ્દો બોલવા અને એવો ડર પેદા કરવો કે તમારા અસ્તિત્વની કોઈ કિંમત નથી.

બીજો તબક્કો (અપરાધભાવ અને દબાણ): એવી પરિસ્થિતિ ઊભી કરવી કે તમને ખુદને એવું લાગવા માંડે કે ભૂલ સામેવાળાની નહીં, પણ તમારી જ હતી.

ત્રીજો તબક્કો (મલમ અને પ્રેમ ): જ્યારે તેમને લાગે કે તમે દૂર થઈ રહ્યા છો અથવા તમારો વિરોધ વધી રહ્યો છે, ત્યારે અચાનક રડીને માફી માંગવી, ગિફ્ટ્સ આપવી, પગ પકડી લેવા અને કહેવું કે 'હું તારા વગર જીવી નહીં શકું.'

જ્યારે સતત પીડા પછી અચાનક આ ક્ષણિક 'રાહત' મળે છે, ત્યારે મગજમાં ડોપામાઈન (Dopamine) રસાયણ છૂટે



છે. માનવ મન એ રાહતને જ સાચો પ્રેમ સમજી લેવાની ભયંકર ભૂલ કરી બેસે છે. પરિણામે, સામેવાળી વ્યક્તિના મનમાં પાકો ઠરાવ થઈ જાય છે કે આ વ્યક્તિનું વારંવાર અપમાન કરવું સાવ સસ્તું છે.

દાંપત્ય અને પ્રેમસંબંધોમાં 'હું તને પ્રેમ કરું છું એટલે તારા પર હાથ ઉપાડ્યો કે કડવું બોલ્યો' આ દલીલ પ્રેમની નથી પણ વિકૃત માનસિકતાની છે. બે દિવસ વાત બંધ કરીને માનસિક ત્રાસ આપવો અને ત્રીજા દિવસે ફૂલો આપીને સામાન્ય થઈ જવું એ માનસિક ગુલામીનું પ્રતીક છે. ઓફિસ કે કાર્યસ્થળે બોસ કે સહકર્મી આખી ટીમ સામે તમારી ક્ષમતાઓના લીરેલીરા ઉડાવી દે, પ્રોજેક્ટની ક્રેડિટ છીનવી લે અને પછી કેબિનમાં એકાંતમાં બોલાવીને કોફી ઓફર કરતાં કહે કે 'તું મારો સૌથી ખાસ માણસ છે, હું તો તારી પ્રગતિ માટે ખીજાયો હતો.'

મિત્રતામાં કોઈ મિત્ર ચાર લોકો વચ્ચે તમારું હાસ્યાસ્પદ અપમાન કરે અને પછી એકાંતમાં ગળે લગાવીને કહે કે 'તું તો મારો જીવ છે, તારી સાથે મજાક ન કરું તો કોની સાથે કરું?' આ વ્યવહાર આદરનો નહીં, કપટનો છે.

આ માનસિક ગુલામીમાંથી મુક્ત થવાના કઠોર નિયમો જાણીએ.

સામે વાળા ની પેટર્ન ઓળખો અને સ્વીકારો જે ભૂલ વારંવાર દોહરાવાય એ ભૂલ નથી હોતી, એ વ્યક્તિનું અસલી ચરિત્ર હોય છે. મહિનામાં ચાર વાર રડાવીને ચાર વાર હસાવતો વ્યવહાર માત્ર ઝેરી છે.

શબ્દો નહીં, વર્તનની સ્થિરતા જુઓ 'હું હવે બદલાઈ જઈશ' એવા વચનો કે આંસુ જોઈને પીગળી જવાને બદલે જુઓ કે શું વ્યક્તિના કાયમી વ્યવહારમાં કોઈ સાચો સુધારો છે?

આત્મસન્માનની મજબૂત સીમાઓ (Boundaries) બાંધો સ્પષ્ટ નિર્ણય કરો કે સંબંધ ગમે તેટલો ગાઢ હોય, પણ આત્મસન્માનનું બલિદાન આપીને કોઈ સંબંધ ટકી ન શકે.

જીવનનો કડવો નિયમ 'જે વૃક્ષ ફળ આપવાની સાથે સતત ઝેરી કાંટા ભોંકતું હોય, એ વૃક્ષની છાયામાં ક્યારેય બેસાય નહીં. સાપ દૂધ પીધા પછી પણ ઝેર જ ઓકે છે. શાંતિ અને સ્વાભિમાન વગરનો પ્રેમ એ માત્ર વિનાશનું બીજું નામ છે.'

પોતાના આત્મસન્માન સાથે ક્યારેય સમાધાન ન કરો. સાચા સંબંધોમાં ક્યારેય ઘા અને મલમની રમત નથી હોતી. લાગણીઓની ભીખ માંગીને ટકેલા સંબંધ કરતાં એકલા ચાલવાની ખુમારી લાખ ગણી શ્રેષ્ઠ છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# આકાશથી જમીન સુધી સુરક્ષામાં મોટી ચૂક?

## વિપક્ષી નેતા રાહુલ ગાંધીના કાફલા સાથે સતત બનેલી ઘટનાઓ પર ઊભા થયા ગંભીર સવાલો!

વિશેષ અને સનસનાટીપૂર્ણ અહેવાલ:
પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર

દેશના સૌથી સુરક્ષિત ગણાતા VVIP નેતાઓ પૈકીના એક અને લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીની મુસાફરી અને સુરક્ષા વ્યવસ્થા પર અચાનક ગંભીર સવાલો ઊભા થયા છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર 2026ના માસ દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે બે એવી અલગ-અલગ ઘટનાઓ ઘટી છે, જે સુરક્ષા પ્રોટોકોલ અને તંત્રની બેદરકારી સામે મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરે છે. એક ઘટના આકાશમાં હવામાં સર્જાઈ તો બીજી ઘટના જમીન પર હાઈવે પર બની. સદનસીબે બંને વખતે રાહુલ ગાંધી સંપૂર્ણપણે બાલ-બાલ બચ્યા છે, પરંતુ નસીબના ભરોસે VVIP સુરક્ષા છોડી શકાય નહીં તેવા અવાજો હવે ઊઠી રહ્યા છે.

### 1. આકાશમાં ખતરો: લખનૌ એરપોર્ટ પર ફ્લાઇટનું ઇમરજન્સી "ગો-અરાઉન્ડ"

ઘટનાની શરૂઆત 8 સપ્ટેમ્બર 2026ના રોજ થઈ હતી, જ્યારે રાહુલ ગાંધી દિલ્હીથી પોતાના સંસદીય ક્ષેત્ર રાયબરેલીના બે દિવસના પ્રવાસે જવા માટે નીકળ્યા હતા. તેઓ એર ઇન્ડિયાની ફ્લાઇટ (AI-1717, એરબસ A320)માં સવાર હતા. જ્યારે આ વિમાન લખનૌના ચૌધરી ચરણસિંહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડ કરી રહ્યું હતું, ત્યારે અચાનક હવામાન બગડતાં અને તેજ પવનના લીધે પાઇલટે છેલ્લી ઘડીએ પ્રથમ લેન્ડિંગ રદ કરવું પડ્યું હતું.

વિમાનને તુરંત 'ગો-અરાઉન્ડ' કરીને ફરીથી ઊંચાઈ પર લઈ જવાની નોબત આવી હતી. ભારે ઉત્તેજના અને મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા બાદ, બીજા પ્રયાસમાં વિમાનનું સદનસીબે સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. નિર્ધારિત સમય બપોરે 3:30 વાગ્યાને બદલે વિમાન 3:55 વાગ્યે નીચે ઉતરી શક્યું હતું. ઉડ્ડયન નિષ્ણાતો ભલે ગો-અરાઉન્ડને પ્રોટોકોલ ગણાવે, પરંતુ વિપક્ષી નેતા જેવા VVIP સવાર હોય ત્યારે હવામાનના અગાઉના આયોજન અને ફ્લાઇટ પ્લાનિંગ પર મોટો સવાલ ઊભો થાય છે.

### 2. જમીન પર અકસ્માત: પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર કાફલાની વાહનોની ટક્કર

હજુ તો આકાશની ઘટના શમી ન હતી ત્યાં 26 ઓક્ટોબર 2026ના રોજ પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર એક વધુ ભયાનક અકસ્માત સર્જાયો. રાહુલ ગાંધી લખનૌથી સુલતાનપુર કોર્ટમાં 2018ના એક માનહાનિ કેસની સુનાવણીમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. ત્યારે પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર હલિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના 91મા માઈલસ્ટોન પાસે અચાનક બ્રેક વાગવાના કારણે VVIP કાફલામાં સામેલ ૪ થી ૫ વાહનો અને પ્રોટોકોલની એમ્બ્યુલન્સ એકબીજા સાથે ધડાકાભેર અથડાયા હતા.

આ અકસ્માતમાં કાફલામાં રહેલા કેટલાક સુરક્ષા કર્મચારીઓ અને કાર્યકરોને ઈજાઓ પહોંચી હતી. સદનસીબે રાહુલ ગાંધીનું મુખ્ય વાહન સુરક્ષિત અંતરે હોવાથી તેઓ અકસ્માતમાંથી આબાદ બચી ગયા હતા. ઘટના બાદ કાફલો સુલતાનપુર માટે રવાના થયો હતો અને તેઓ કોર્ટમાં હાજર રહ્યા હતા.

### તંત્રની પોલ ખોલતા મુખ્ય પ્રશ્નો:

કાફલાની શિસ્ત અને નિયમોનો અનાદર: VVIP કાફલા માટે એક્સપ્રેસ વે પર વાહનો વચ્ચે ચોક્કસ સુરક્ષિત અંતર (Safe Distance) રાખવું ફરજિયાત હોય છે. એક વાહનના બ્રેક મારવાથી ૪-૫ વાહનો અને એમ્બ્યુલન્સ લાઈનસર અથડાઈ જાય તે કાફલાના ગંભીર ગેરમેનેજમેન્ટ અને કમ્પાઉન્ડિંગ ભૂલનો પુરાવો છે.

એમ્બ્યુલન્સની અકસ્માતમાં ભૂમિકા: સુરક્ષા પ્રોટોકોલ મુજબ ઈમરજન્સી માટે સાથે રખાતી એમ્બ્યુલન્સ પોતે જ અકસ્માતનો ભોગ બને તે તંત્રની લાપરવાહી બતાવે છે.

### SIT તપાસની માગ: કાફલાના આ અકસ્માત અંગે હવે ઊંડાણપૂર્વક તપાસ કરવા એસ.આઈ.ટી. (SIT)ની રચના કરવાની રજૂઆતો શરૂ થઈ છે.

વિપક્ષના નેતાની સુરક્ષા એ કોઈ વ્યક્તિગત બાબત નથી પરંતુ લોકશાહીની સુરક્ષાનો વિષય છે. બે મહિનામાં આકાશ અને જમીન પર બનેલી આ ઘટનાઓ માત્ર સંયોગ ન હોઈ શકે. હવામાનના સચોટ આયોજનથી લઈને રસ્તા પર વાહનોની શિસ્ત સુધી, કડક પ્રોટોકોલનું પાલન થવું અત્યંત જરૂરી છે. જો તંત્ર આવી બેદરકારીઓ ચાલુ રાખશે તો કોઈ દિવસ મોટી હોનારત સર્જાતા વાર નહીં લાગે!

# ભાજપ ભગાવો, લોકતંત્ર બચાવો! સત્તાના નશામાં અંધ થયેલી સરકાર સામે જનતાનો ચરમસીમાએ પહોંચેલો આક્રોશ

વિશેષ અને સનસનાટીપૂર્ણ અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર

આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકશાહીના પાયા હચમચી ગયા છે. બંધારણીય મૂલ્યોનો ખુલ્લેઆમ અનાદર થઈ રહ્યો છે. વિપક્ષી પક્ષો તેમજ જાગૃત નાગરિકો દ્વારા જ્યારે પણ ચૂંટણી પ્રક્રિયામાં 'વોટ ચોરી', ઈવીએમ ગેરરીતિ કે સરકારી તંત્રના દુરુપયોગ અંગે ગંભીર આરોપો લગાવવામાં આવે છે, ત્યારે આ સવાલ માત્ર કોઈ એક રાજકીય પક્ષનો કે ચૂંટણી જીતવા-હારવાનો નથી રહેતો. આ સીધો સવાલ આપણા મહામૂલ્યા લોકતંત્રની અસ્મિતા, સંવિધાનની પવિત્રતા અને નાગરિકોના મતાધિકારના અસ્તિત્વ પર ઊભો થાય છે.

જે શાસકો પોતાના રાજકીય સ્વાર્થ માટે લોકશાહીની સંસ્થાઓને નબળી પાડી રહ્યા છે, એ જ ભાજપના નેતાઓ આજે મોં મરડીને 'લોકતંત્ર બચાવો'ના નાટકો અને ઢોંગ કરી રહ્યા છે. હકીકત એ છે કે જો આ દેશમાં લોકશાહી અને બંધારણને સૌથી મોટો કોઈ ખતરો હોય, તો તે ખુદ ભાજપ સરકારની સરમુખત્યારશાહી નીતિઓથી છે.

ગામડાંથી લઈને શહેરો સુધી પ્રજાનો હાહાકાર: દરેક વર્ગ ભાજપ શાસનમાં પીડિત

ગુજરાતના ગામડે-ગામડેથી લઈને મોટા શહેરો સુધી આજે ખેડૂતો, યુવાનો, વિદ્યાર્થીઓ અને સામાન્ય વેપારી-નાગરિકો ભાજપ સરકારની કૂટનીતિઓથી ત્રાસી ગયા છે. સત્તાના આટોટોપમાં મસ્ત બનેલી સરકાર સામે સમાજનો દરેક વર્ગ મેદાનમાં આવવા મજબૂર બન્યો છે:

૧. ખેડૂતોની આહ અને આક્રોશ: કાળી મજૂરી કરીને દેશનું પેટ ભરતો અન્નદાતા આજે પોતાના જ ખેતરમાં દેવાદાર બની રહ્યો છે. ટેકાના ભાવ માત્ર કાગળ પર રહી ગયા છે, પાકના પોષણક્ષમ ભાવ મળતા નથી. બીજી તરફ ખાતર, બિયારણ, ડીઝલ અને જંતુનાશક દવાઓના ભાવ આસમાને પહોંચતાં ખેતીનો ખર્ચ બમણો થઈ ગયો છે. કુદરતી આફત કે દુષ્કાળ વખતે વળતર આપવાના નામે સરકારી બાબુઓ આંખ આડા કાન કરે છે.

૨. યુવાનોનું અંધકારમય ભવિષ્ય: ઊંચી ડિગ્રીઓ મેળવીને બેરોજગાર બેઠેલો ભણેલો-ગણેલો યુવાન આજે આજીવિકા માટે વલખાં મારી રહ્યો છે. સરકારી ભરતીઓના નામે માત્ર મોટી મોટી જાહેરાતો કરીને યુવાનોના ભવિષ્ય સાથે ક્રૂર મજાક કરવામાં આવે છે. નવી રોજગારીની તકો ઊભી કરવાના બદલે ભાજપ સરકાર માત્ર આંકડાકીય માયાજાળ રચી રહી છે.

૩. પેપર લીક કૌભાંડોથી વિદ્યાર્થીઓ પાયમાલ: રાત-દિવસ એક કરીને, પોતાના માતા-પિતાના સપના સાકાર કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા તેજસ્વી વિદ્યાર્થીઓની મહેનત પર પેપર લીક ભૂમાફિયાઓ પાણી ફેરવી દે છે. એક પછી એક ભરતી પરીક્ષાઓના પેપર ફૂટી જવા છતાં મુખ્ય સૂત્રધારો મુક્તપણે ફરી રહ્યા છે. ભવિષ્ય ઘડવાની ઉંમરે રાજ્યનો યુવા વર્ગ રસ્તા પર ઉતરીને આંદોલન કરવા મજબૂર બન્યો છે.

૪. મોંઘવારીની મારથી કમરતોડ સામાન્ય જનતા: ગેસનો સિલિન્ડર હોય, દૂધ-શાકભાજી હોય કે પેટ્રોલ-ડીઝલ–સામાન્ય માણસનું રસોડું ચલાવવું હવે અશક્ય બની ગયું છે. મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારો મોંઘવારીના અસહ્ય બોજ તળે કચડાઈ રહ્યા છે, જ્યારે સરકાર માત્ર ચૂંટણી સમયે જૂઠા વાયદાઓ અને જુમલાઓ પીરસીને જનતાને ગુમરાહ કરવાનો પ્રયાસ કરે છે.

હવે લડાઈ આરપારની: ગામડે-ગામડે ગૂંજશે આંદોલનનો અવાજ

હવે સહનશીલતાની સીમાઓ ઓળંગાઈ ચૂકી છે. સરમુખત્યારશાહી અને તાનાશાહી વલણ સામે અવાજ બુલંદ કરવાનો સમય આવી ગયો છે. આ લડાઈ માત્ર કોઈ એક રેલી કે સભા પૂરતી સીમિત નહીં રહે. લોકતંત્ર અને સંવિધાન બચાવવાનું આ વ્યાપક આંદોલન હવે ગુજરાતના ખૂણે-ખૂણે, દરેક તાલુકે, ગામડે-ગામડે અને ઘરે-ઘરે પહોંચાડવામાં આવશે.

જ્યાં સુધી સામાન્ય જનતા, ખેડૂતો અને યુવાનો પોતાના બંધારણીય હકો માટે ખુદ જાગૃત થઈને મેદાનમાં નહીં આવે, ત્યાં સુધી આ અન્યાયી અને ભ્રષ્ટ વ્યવસ્થા બદલાશે નહીં. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના માધ્યમથી રાજ્યની જનતા હવે એક જ સુર અને એક જ આક્રોશ સાથે હુંકાર કરી રહી છે:

ગૂંજતા નારાઓથી ધ્રૂજતી સરકાર:

વોટ ચોરી નહીં ચાલે, લોકતંત્ર નહીં ઝૂકે!

ખેડૂત બચાવો, યુવા બચાવો, દેશ બચાવો!

પેપર લીક માફિયાઓ સામે કડક પગલાં લો - પેપર લીક બંધ કરો!

જનતાનો એક જ પોકાર: ભાજપ ભગાવો, લોકતંત્ર બચાવો! ભાજપ ભગાવો, લોકતંત્ર બચાવો! સત્તાના નશામાં અંધ થયેલી સરકાર સામે જનતાનો ચરમસીમાએ પહોંચેલો આક્રોશ

વિશેષ અને સનસનાટીપૂર્ણ અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર

આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકશાહીના પાયા હચમચી ગયા છે. બંધારણીય મૂલ્યોનો ખુલ્લેઆમ અનાદર થઈ રહ્યો છે. વિપક્ષી પક્ષો તેમજ જાગૃત નાગરિકો દ્વારા જ્યારે પણ ચૂંટણી પ્રક્રિયામાં 'વોટ ચોરી', ઈવીએમ ગેરરીતિ કે સરકારી તંત્રના દુરુપયોગ અંગે ગંભીર આરોપો લગાવવામાં આવે છે, ત્યારે આ સવાલ માત્ર કોઈ એક રાજકીય પક્ષનો કે ચૂંટણી જીતવા-હારવાનો નથી રહેતો. આ સીધો સવાલ આપણા મહામૂલ્યા લોકતંત્રની અસ્મિતા, સંવિધાનની પવિત્રતા અને નાગરિકોના મતાધિકારના અસ્તિત્વ પર ઊભો થાય છે.

જે શાસકો પોતાના રાજકીય સ્વાર્થ માટે લોકશાહીની સંસ્થાઓને નબળી પાડી રહ્યા છે, એ જ ભાજપના નેતાઓ આજે મોં મરડીને 'લોકતંત્ર બચાવો'ના નાટકો અને ઢોંગ કરી રહ્યા છે. હકીકત એ છે કે જો આ દેશમાં લોકશાહી અને બંધારણને સૌથી મોટો કોઈ ખતરો હોય, તો તે ખુદ ભાજપ સરકારની સરમુખત્યારશાહી નીતિઓથી છે.

# * દુઆખાનું કે દવાખાનું..!*

વર્ષો પહેલાંની વાત છે. મને નવી-નવી નોકરી મળીને, શાળામાં હાજર થયો. રહેઠાણનો વિસ્તાર મારા માટે નવો. બધું જ અપરિચિત હતું.

ધીરે ધીરે કેમ છો..? થી શરૂઆત કરી... ગામ લોકો સાથે પરિચિત કેળવાતો ગયો. અમારો પરિવાર ઓળખમાં અવ્વલ નંબરે હતો. સ્વભાવ મળતા વડો... ને પ્રામાણિક સેવા ભાવથી પ્રચલિત થયો..! અમારી પાડોશના ચોથા ઘરે એક પરિવાર રહેતો. સંતાનમાં એક બેબી 8 વર્ષની..! નામે ભીખી. ભીખીને અમારાં બાળકો જોડે ફાવી ગયું. મારા પૂંછડિયા દીકરાને ભઈલું-ભઈલું કરીને એની સાથે રમે, ખાય પીએ, નિર્દોષ ભાવે વર્તે..!

બે એક મહિના પછી ખબર પડી કે તે ખુદના ભાઈની તમન્નામાં ભીખી અંદરથી વલોવાયેલી છે.

ધીરે-ધીરે એના પરિવાર સાથે ઘરોબો કેળવાયો, ને વાત-વાતમાં મારી પત્નિએ જાણી લીધું.. કે લાંબા ગાળે હજી એમને શેર માટીની ખોટ છે. અને દરેક દંપત્તીને હોય, એ સ્વાભાવિક છે. વિવિધ ઉપચારો, દોરાધાગા કરવા છતાં સફળતા દૂર જતી જાણીને નિરાશ થતાં..!

એમાં દિવસો કપાતા જતા...ને, ન કરવું નારાયણને, થોડા સમય પછી શુભ સમાચાર વહેતા થયા... કે બહેનને સારા દિવસો છે. શરૂઆતથી સ્ત્રી રોગ નિષ્ણાત દાક્તરની દેખભાળ હેઠળ સારવાર ચાલુ કરી. નાની ભીખી, નાસમજ આ બાબતથી અજાણ.



સમય સંજોગે ભીખીની મમ્મીને દવાખાને દાખલ કરી. ભીખીને અમારે ઘેર મૂકીને બન્ને દવાખાને ગયાં.

ભીખી, મમ્મી ક્યાં ગઈ..? કેમ ગઈ..? ક્યારે આવશે..? એવા ઉપરી-ઉપરી સવાલોનો મારો ચલાવતી. નાની હોઈ સમજાવતાં સમજી પણ જતી. અને રમવામાં મશગુલ થઈ જતી.

થોડી કલાકોમાં શુભ સમાચાર ગામમાં આવ્યા. ભીખીની આભ સરીખી આશા પૂરી થઈ. સાંજે ભીખીની મમ્મી ને રજા આપી. ખુશખુશાલ પરિવાર ઘેર આવ્યો.

ભીખીએ ફરીથી સવાલોની ઝડી વરસાવી. ફળીયામાંથી બધાં ભેગાં થઈ ગયા. સૌ એક જ વાત બોલતાં... નસીબદાર ભીખીને ભઈયો મળ્યો. ભીખી આનંદ વિભોર બની ગઈ.

ભીખીએ છેલ્લો એક સવાલ કર્યો. હાજર રહેલાં બધાં અચરજ પામ્યાં...!

દાક્તર સાહેબ કેટલા સારા..! કે આપણા ઉપર કેટલી બધી દુઆ કરી કે...'મારી મમ્મીને ભૈયો આપ્યો..!!!'

નિખાલસ ભીખીને ક્યાંથી ખબર હોય... નવ મહિનાની ગતિવિધિની..!!!

આપણે મન દવાખાનું એટલે ડોક્ટરની સારવાર.

પણ, ભૂખીને મન...તો 'દુઆખાનું..!'

**ડૉ. સુરેશભાઈ એચ. પટેલ.**
**-સ્મૃતિ...**



# દુષ્કાળ સહાયના નામે ખેડૂતો સાથે મજાક! ₹8,500ની સહાય સામે મેરૂભાઈ ઓડેદરાના સરકાર પર આકરા પ્રહાર

## ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરો, પશુઓને વર્ષભર ઘાસચારો આપો અને વાસ્તવિક નુકસાન મુજબ વળતર ચૂકવો : AAPના કુતિયાણા વિધાનસભા પ્રભારીની માગણી

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છ જિલ્લાને સરકારે દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા બાદ ખેડૂતોને આપવામાં આવતી સહાયની રકમ અને પશુઓ માટેની નિભાવ સહાયને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. દુષ્કાળની ગંભીર પરિસ્થિતિમાં ખેડૂતોને મળતી સહાય અપૂરતી હોવાનો આક્ષેપ કરતાં આમ આદમી પાર્ટીના કુતિયાણા વિધાનસભા પ્રભારી મેરૂભાઈ ઓડેદરાએ રાજ્ય સરકારની ખેડૂતવિરોધી નીતિઓ સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે સરકાર દ્વારા જાહેર કરાયેલી સહાયને જગતના તાતની મુશ્કેલીઓની સરખામણીએ અત્યંત નજીવી ગણાવી ખેડૂતોને પૂરતું વળતર આપવાની માગણી કરી છે.

મેરૂભાઈ ઓડેદરાએ જણાવ્યું હતું કે, ખેડૂતો આખું વર્ષ ખેતરમાં પરસેવો પાડીને ખેતી કરે છે. બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, મજૂરી અને અન્ય ખેતી ખર્ચ પાછળ મોટી રકમ ખર્ચે છે. તેમ છતાં જ્યારે કુદરતી આફત અને દુષ્કાળના કારણે પાક નિષ્ફળ જાય છે, ત્યારે ખેડૂતની આર્થિક સ્થિતિ કફોડી બની જાય છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં સરકાર તરફથી મળતી સહાય ખેડૂતોને ફરી બેઠા થવા માટે પૂરતી હોવી જોઈએ, પરંતુ હાલ જાહેર કરાયેલી સહાય ખેડૂતોની મુશ્કેલીઓની સરખામણીએ ઘણી ઓછી હોવાનું તેમણે જણાવ્યું હતું.

સરકારની સહાયની રકમ અંગે સવાલ ઉઠાવતાં મેરૂભાઈ ઓડેદરાએ જણાવ્યું હતું કે, આખા વર્ષની મહેનત, ખેતી પાછળ કરેલો ખર્ચ અને કુદરતના મારનો સામનો કર્યા બાદ ખેડૂતોના હાથમાં માત્ર ૮,૫૦૦ની સહાય મૂકીને સરકાર પોતાની જવાબદારી પૂરી થઈ ગઈ હોય તેમ માની રહી છે. આજના મોંઘવારીના સમયમાં આટલી રકમથી ખેડૂતોની ખેતીનો ખર્ચ પણ પૂરતો નીકળી શકે તેમ નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બિયારણથી લઈને ખાતર અને ખેતીની અન્ય જરૂરિયાતો સુધીના ખર્ચ સતત વધી રહ્યા છે. બીજી તરફ, પાકને નુકસાન થાય ત્યારે ખેડૂતની આવકનો આધાર જ તૂટી પડે છે. આવી સ્થિતિમાં નજીવી સહાયથી ખેડૂત ફરી ખેતી માટે તૈયાર થઈ શકે કે પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકે તે મોટો પ્રશ્ન છે. સરકાર ખેડૂતોને વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પૂરતી આર્થિક મદદ આપે તે જરૂરી છે. ખેડૂતોની સાથે પશુપાલકોની મુશ્કેલીઓનો મુદ્દો ઉઠાવતાં મેરૂભાઈ ઓડેદરાએ પશુઓ માટે જાહેર કરવામાં આવેલી સહાય અંગે પણ સવાલો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દુષ્કાળની પરિસ્થિતિમાં ઘાસચારાની અછત સર્જાય છે અને પશુપાલકો માટે પોતાના પશુઓનું નિભાવવું મુશ્કેલ બની જાય છે. આવા સંજોગોમાં પશુઓ માટે બે મહિના સુધી પ્રતિ પશુ ૮૦ની સહાય જાહેર કરવામાં આવી હોય, તો તેનાથી પશુપાલકોની લાંબા ગાળાની સમસ્યાનો ઉકેલ કેવી રીતે આવશે? તેમણે કટાક્ષ કરતાં કહ્યું હતું કે, 'સરકારને મારે પૂછવું છે કે બે મહિના પૂરા થયા પછી અબોલ પશુઓને ક્યાં મૂકવા જવું? શું બે મહિના પછી પશુઓની ભૂખ હડતાળ પર ઉતરી જશે? કે પછી સરકારે એવો કોઈ નવો નિયમ બનાવ્યો છે કે બે મહિના પછી ઢોર-ઢાંખરને ઘાસચારાની જરૂર નહીં પડે?' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પશુઓની સંભાળ અને નિભાવ એ રોજિંદી જવાબદારી છે. દુષ્કાળની અસર લાંબા સમય સુધી રહેતી હોય ત્યારે પશુઓ માટે માત્ર મર્યાદિત સમયગાળા સુધી સહાય આપવાને બદલે નવી સીઝન આવે ત્યાં સુધી અથવા પરિસ્થિતિ સામાન્ય બને ત્યાં સુધી ઘાસચારો અને નિભાવ સહાયની વ્યવસ્થા કરવી જોઈએ. દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોના ખેડૂતો અને પશુપાલકોને રાહત મળે તે માટે મેરૂભાઈ ઓડેદરાએ રાજ્ય સરકાર સમક્ષ નીચે મુજબની માગણીઓ રજૂ કરી છે કે (૧) ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરવામાં આવે: દુષ્કાળ અને પાકના નુકસાનને કારણે આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને રાહત આપવા માટે તેમનું તમામ દેવું સંપૂર્ણપણે માફ કરવાની માગણી કરવામાં આવી છે, જેથી ખેડૂતોને આર્થિક બોજમાંથી મુક્તિ મળી શકે.

# છોટાઉદેપુર પોલીસનો મેગા સપાટો: સગીરાનું અપહરણ કરી નરાધમે આચર્યું દુષ્કર્મ

## ખાખીની કડક કાર્યવાહીથી આરોપી ગણતરીના કલાકોમાં જેલભેગો; "સુરક્ષિત સમાજ અમારો સંકલ્પ" સાર્થક

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ મજબૂત બનાવવાની સાથે-સાથે રાજ્યમાં મહિલાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા છોટાઉદેપુર પોલીસે ગુનેગારો સામે લાલ આંખ કરી છે. જિલ્લામાં એક માસૂમ સગીરાનું અપહરણ કરી તેને ભગાડી જઈ તેના પર અત્યાચાર અને દુષ્કર્મ આચરવાના અત્યંત ગંભીર, ડાઘરૂપ અને શરમજનક ગુનામાં સંડોવાયેલા હેવાન નરાધમ આરોપીને પોલીસે પોતાના સકંજામાં લઈને ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો છે.




પોલીસે પોતાની કુનેહ અને ઝડપી કાર્યવાહીથી સાબિત કરી દીધું છે કે ખાખીનો ડર ગુનેગારોના મનમાં હંમેશાં રહેવો જ જોઈએ. ઘટનાની વિસ્તૃત વિગતો આપતા સૂત્રોએ જણાવ્યું હતું કે, માસૂમ સગીરા સાથે બનેલી આ હૃદયદ્રાવક, અસહ્ય અને કાળજું કંપાવનારી ઘટના સામે આવતા જ પીડિત પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારે હિંમત દાખવીને તાત્કાલિક ધોરણે નજીકના પોલીસ સ્ટેશને પહોંચીને સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે ગુનો નોંધાતાની સાથે જ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનની ટીમ અને ઉચ્ચ અધિકારીઓ તબડતોબ એક્શન મોડમાં આવી ગયા હતા. કિસ્સાની સંવેદનશીલતા અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની ઢીલાશ મૂકવામાં આવી ન હતી. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમોની રચના: છોટાઉદેપુર જિલ્લા પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે અલગ-અલગ વિશેષ તપાસ ટીમોની રચના કરવામાં આવી હતી. આરોપી કોઈપણ ભોગે જલદી પકડાઈ જાય તે માટે વ્યુહરચના ગોઠવવામાં આવી હતી.

# રાણપુરના વેજળકા ગામે નહેરમાં ડૂબેલા 7 વર્ષના બાળકનો મૃતદેહ બોટાદ ફાયર ટીમે બહાર કાઢ્યો

## બોટાદ ફાયર એન્ડ રેસ્ક્યૂ ટીમ દ્વારા નહેરમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું; દુ:ખદ ઘટનાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના વેજળકા ગામે નહેરના પાણીમાં આકસ્મિક રીતે ડૂબી ગયેલા સાત વર્ષના બાળકનો મૃતદેહ બોટાદ ફાયર એન્ડ રેસ્ક્યૂ ટીમ દ્વારા બહાર કાઢવામાં આવ્યો હતો. આ દુ:ખદ ઘટનાને પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, રાણપુર તાલુકાના વેજળકા ગામે મિથુનભાઈ રાજુભાઈ ભૂરિયા, ઉંમર વર્ષ 7, આકસ્મિક



રીતે નહેરના પાણીમાં પડી જવાની ઘટના બની હતી. આ અંગે બોટાદ ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતાં તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.ઘટનાની જાણ થતાં બોટાદ ફાયર વિભાગના અધિકારી કુલદીપસિંહ એમ. ડોડીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ફાયર એન્ડ રેસ્ક્યૂ ટીમના કર્મચારીઓ જરૂરી સાધન-સામગ્રી સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમમાં સહદેવભાઈ, હરજીવનભાઈ, નિલેશભાઈ, વેલશીભાઈ સહિતના કર્મચારીઓ જોડાયા હતા.ઘટનાસ્થળે પહોંચેલી ટીમે નહેરના પાણીમાં બાળકની શોધખોળ માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

ફાયર એન્ડ રેસ્ક્યૂ ટીમના કર્મચારીઓએ જરૂરી સાધનોની મદદથી શોધખોળ અને બચાવ કામગીરી હાથ ધરી હતી. દરમિયાન બાળકને નહેરના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો, પરંતુ તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. ત્યારબાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને મૃતદેહ પરિવારજનોને સોંપવાની પ્રક્રિયા કરવામાં આવી હતી.

# પલસાણાના નિર્માણાધીન સ્વામિનારાયણ મંદિરમાં ભયાનક દુર્ઘટના: 18 વર્ષીય યુવકની આંખ અને હાથમાં લોખંડનો સળિયો આરપાર

પલસાણા

સુરત જિલ્લાના પલસાણાના બારાસડી ગામે નિર્માણાધીન સ્વામિનારાયણ મંદિરમાં કાળજું કંપાવી દેતી દુર્ઘટના બની હતી. મોટા ભાઈને પાણી આપવા ગયેલા



18 વર્ષીય કિરણ ડામોરનો પહેલા માળેથી પગ લપસતાં તે નીચે પડ્યો હતો. આ દરમિયાન ગ્રાઉન્ડ ફ્લોર પર ઊભા કરાયેલા આશરે 3.5 ફૂટ લાંબા લોખંડના સળિયા તેની આંખ અને હાથમાં આરપાર ખૂંપી ગયા હતા.

ઘટનાની ગંભીરતાને જોતા સ્થળ પર જ ગ્રાઈન્ડર મશીનની મદદથી સળિયો કાપવામાં આવ્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત કિરણને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ફાયર બ્રિગેડની મદદ સાથે ન્યૂરોસર્જનની ટીમે અઢી કલાકની ભારે જહેમત બાદ યુવકના શરીરમાં ખૂંપેલો લોખંડનો સળિયો સફળતાપૂર્વક બહાર કાઢ્યો હતો.

જોકે, દુર્ઘટનામાં મગજની નસોને નુકસાન થતાં લોહીનું પરિભ્રમણ અટકી ગયું હોવાનું જાણવા મળ્યું છે. યુવક હાલ વેન્ટિલેટર પર છે અને તેની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે.

### સમાજ સુરક્ષાના અધિકારીઓનો આબાદ બચાવ

# કલોલ હાઈવે પર માતેલા સાંઢની માફક ડમ્પરે સરકારી સિયાઝ કારને 50 ફૂટ સુધી ઘસડી, ચાલક ફરાર

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના હાઈવે પર સમાજ સુરક્ષા ખાતાના ઉચ્ચ અધિકારીઓની સરકારી ગાડીને એક ગંભીર અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. અમદાવાદથી મહેસાણા હાઈવે પર ખોડલ ઢાબા સામે માતેલા સાંઢની માફક ડમ્પરના ચાલકે સરકારી ગાડીને પૂરપાટ ઝડપે ટક્કર મારી હાઈવે પર 50 ફૂટ દૂર સુધી ઘસડીને નાસી હતો. સદભાગ્યે આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર તમામ અધિકારીઓનો બચાવ થયો હતો. આ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર સ્થિત નિયામક સમાજ સુરક્ષાની કચેરીમાં કોન્ટ્રાક્ટ બેઝડ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સુરપાલસિંહ અમરસિંહ પટેલીયા આજ રોજ કચેરીના કામ અર્થે સિયાઝ ગાડી લઈને નીકળ્યા હતા. આ સરકારી ગાડીમાં નિયામક રીનાબેન ચૌધરી, નાયબ નિયામક શૈલેષ ગઢવી અને નાયબ નિયામક સુનીલ વજાભાઈ રાઠોડ સવાર હતા.

દરમિયાન સવારના આશરે સાડા દસેક વાગે અમદાવાદથી મહેસાણા જતા હાઈવે પર ખોડલ ઢાબા હોટેલની આગળ સરકારી ગાડી ડાબી બાજુએ જઈ રહી હતી, ત્યારે જમણી બાજુથી ડમ્પર (નં.GJ02BT9299)ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને સરકારી ગાડીના પાછળના ભાગે ડ્રાઈવર સાઈડમાં જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કર એટલી જોરદાર હતી કે ડ્રાઈવરનો ગાડી પરથી કાબૂ છૂટી ગયો હતો અને ગાડી રોડ પર આખી આડી થઈને ડમ્પરના આગળના ભાગ સાથે અથડાઈ હતી. તેમ છતાં ડમ્પરચાલકે બ્રેક મારવાના બદલે ડમ્પર હંકારી રાખી સરકારી ગાડીને આશરે પચાસ ફૂટ જેટલી હાઈવે પર ઘસડી હતી.

આ અકસ્માતના કારણે ગાડીના ડ્રાઈવર સાઈડના ફેન્ડરનો ભાગ, બંને દરવાજા, પાછળનો બમ્પર તથા ફેન્ડર દબાઈ ગયા હતા. અને કારને મોટું નુકસાન થયું હતું. આ અકસ્માતના પગલે ઘટનાસ્થળે ભારે ટ્રાફિકજામ થઈ ગયો હતો, જેનો લાભ લઈને ડમ્પરચાલક પોતાનું વાહન લઈને ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. જોકે સદનસીબે આ ગમખ્વાર અકસ્માતમાં ડ્રાઈવર કે ગાડીમાં સવાર સમાજ સુરક્ષા વિભાગના કોઈ પણ અધિકારીને ગંભીર ઈજાઓ પહોંચી ન હતી.

# બોડેલીમાં શરદ પૂર્ણિમાની ચાંદની રાતે ગરબાની રમઝટ, દોડ 2.0ને સફળ બનાવવાનો સંકલ્પ

બોડેલી, ઇમરાન મિર્ઝા

બોડેલી ખાતે શરદ પૂર્ણિમાની ચાંદની રાતે દોડ 2.0 અંતર્ગત ભવ્ય ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શરદ પૂનમના પાવન અવસરે પરંપરાગત મંડળી ગરબાની રમઝટ સાથે ઉપસ્થિત લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે 13મી ડિસેમ્બરના રોજ યોજાનારી દોડ 2.0ને લઈને પણ જનજાગૃતિ કરવામાં આવી હતી.



ગરબા કાર્યક્રમમાં જે રીતે લોકો ઉત્સાહ અને ઉમંગ સાથે જોડાયા હતા, તે જ ઉત્સાહ સાથે 13 ડિસેમ્બરે યોજાનારી મેરેથોન દોડમાં પણ તમામ લોકો મોટી સંખ્યામાં ભાગ લે તેવી છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર દ્વારા અપીલ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે લોકોને દોડ 2.0માં ઉત્સાહપૂર્વક જોડાઈ કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. શરદ પૂર્ણિમાની ચાંદની રાતે યોજાયેલ આ ગરબા કાર્યક્રમથી બોડેલીમાં ઉત્સવનો માહોલ છવાયો છોટાઉદેપુર જિલ્લા કલેકટર ગાર્ગી જૈન છોટાઉદેપુર જિલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝ શેખ બોડેલી પ્રાંત અધિકારી બોડેલી મામલતદાર અંજનાબેન બોડેલી નગરપાલિકા પ્રમુખ બોડેલી નગરપાલિકા ચીફ ઓફિસર સહિત ખૂબ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા એમ.એસ. યુનિવર્સિટી એટ્રોસિટી વિવાદ: ગુજરાત HCમાં સત્યનો ડંકો વાગ્યો!

## પૂર્વ મેયર સુનિલ સોલંકીના પુત્ર આશિષ સોલંકીની ફરિયાદ સામે નિર્દોષ વિદ્યાર્થીઓને મળ્યો ન્યાય!

વડોદરા

વડોદરાની વિશ્વપ્રસિદ્ધ મહારાજા સયાજીરાવ (MS) યુનિવર્સિટીના કેમ્પસમાં રાજકીય વગ અને વહીવટી રોફ બતાવીને નિર્દોષ વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળવાનો જે ઘિનૌનો ખેલ ખેલાઈ રહ્યો હતો, તેના પર ગુજરાત હાઈકોર્ટે ન્યાયની આકરી ચાબુક ચલાવી છે. પૂર્વ મેયર સુનિલ સોલંકીના પુત્ર આશિષ સોલંકી દ્વારા યુનિવર્સિટીના નિર્દોષ વિદ્યાર્થીઓ સામે કરવામાં આવેલી એટ્રોસિટી (Atrocity) ની ફરિયાદના મામલે આજે હાઈકોર્ટમાં સત્યનો વિજય થયો છે. રાજકીય રોટલા શેકવા અને સત્તાના નશામાં નિર્દોષ વિદ્યાર્થીઓને કાનૂની જાળમાં ફસાવવાના કાવતરાનો હાઈકોર્ટે




પર્દાફાશ કરીને વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. વડોદરા એમ.એસ. યુનિવર્સિટીમાં પોતાના રાજકીય અને અંગત સ્વાર્થ સાધવા માટે નિર્દોષ વિદ્યાર્થીઓ સામે ગંભીર કલમો હેઠળ ફરિયાદો નોંધાવીને તેમનું શૈક્ષણિક કરિયર બર્બાદ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટનાએ સમગ્ર વડોદરા શહેર અને શૈક્ષણિક જગતમાં ભારે આક્રોશ જગાડ્યો હતો.

'પાક્કો ગુજરાત'ના ઈન્વેસ્ટિગેશન મુજબ આ ઘટનાએ કેટલાક અણિયારા અને તીખા સવાલો ઊભા કર્યા છે. રોફ અને સત્તાનો ખેલ: પૂર્વ મેયરના પુત્ર હોવાના નાતે કાયદાકીય જોગવાઈઓનો દુરુપયોગ કરીને સામાન્ય અને નિર્દોષ વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ બનાવવાનો પ્રયાસ કરાયો હતો.

વિદ્યાર્થીઓના ભવિષ્ય પર તરાપ: રાજકીય પંચાતો અને કેમ્પસ પોલિટિક્સ માટે ઓપન (Open) કેટેગરીના વિદ્યાર્થીઓને ટાર્ગેટ બનાવીને તેમની સામે ઝૂઠા આરોપો ઘડી કાઢવામાં આવ્યા હતા. સવાલ એ છે કે સામાન્ય પરિવારના આ વિદ્યાર્થીઓ ક્યાં સુધી આવો ખુલ્લો અન્યાય સહન કરશે?

ગુજરાત હાઈકોર્ટમાં ચાલેલી ધારદાર દલીલો અને કાનૂની લડાઈ બાદ કોર્ટે બાબતની ગંભીરતા સમજીને નિર્દોષ વિદ્યાર્થીઓની તરફેણમાં ચુકાદો આપ્યો છે. કાયદાનો ઉપયોગ નબળા અને વંચિતોને ન્યાય અપાવવા માટે છે, નહીં કે કોઈ રાજકીય આકાના પુત્ર દ્વારા અન્યને હેરાન કરવા કે બદલો લેવા માટે! હાઈકોર્ટના આ નિર્ણાયક ચુકાદાથી સાબિત થઈ ગયું છે કે સત્તા કે હોદ્દાના જોરે સત્યને અમુક સમય માટે ચોક્કસ દબાવી શકાય છે, પરંતુ તેને ક્યારેય પરાજિત કરી શકાતું નથી.

# આંકલાવના પોલીસ ઇન્સ્પેક્ટર ₹40 હજારની લાંચ લેતાં ઝડપાયા, ફેક્ટરી બંધ કરાવવાની ધમકી આપ્યાનો આક્ષેપ

આંકલાવ, આણંદ

આણંદ એસીબીએ આંકલાવ પોલીસ સ્ટેશનમાં સફળ ટ્રેપ ગોઠવી પોલીસ ઈન્સ્પેક્ટર રાજદીપસિંહ ભગવતસિંહ વનારને 40,000ની લાંચ સ્વીકારતાં રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટરની ચેમ્બરમાં જ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

આરોપીએ ફરિયાદીને પોલીસ સ્ટેશનમાં બોલાવી ફેક્ટરી પ્રદૂષણ ફેલાવે છે તેમ કહી ફેક્ટરી બંધ કરાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત દોઢ ટનનું એસી માગ્યું હતું. ફરિયાદીએ એસી આપવાનો ઈનકાર કરતાં આરોપીએ 40,000 આપવાની માગણી કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી જાગૃત નાગરિકે આણંદ એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ગોઠવાયેલા છટકામાં આરોપી ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કર્યા બાદ 40,000 સ્વીકારતાં ઝડપાયા હતા. લાંચની સંપૂર્ણ રકમ એસીબીએ રિકવર કરી હતી.

આ ટ્રેપ આણંદ એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન. વિરાણી અને તેમની ટીમે ગોઠવ્યો હતો. આરોપી સામે સરકારી હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક કર્યાના આક્ષેપસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### રાજકોટ દંપતીના મોત કેસમાં સનસનાટીભર્યો ખુલાસો

# "દિવસનું વ્યાજ 42,000 રૂપિયા! જો ન ચૂકવ્યા તો બીજા દિવસથી 70,000 આપવા પડે!"

રાજકોટ

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાં વ્યાજખોરીના દૂષણે વધુ એક હસતા-રમતા પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. રાજકોટમાં તાજેતરમાં ઘટેલી દંપતીના આપઘાત/મોતની અત્યંત કરુણ ઘટનામાં વ્યાજખોરોના પિશાચી અને અમાનુષી ત્રાસનો એવો સનસનાટીભર્યો ખુલાસો થયો છે, જે સાંભળીને કોઈપણ સંવેદનશીલ નાગરિકની રૂવાંટીઓ ઊભી થઈ જાય. પૈસાની મજબૂરીનો લાભ ઉઠાવીને દંપતી પાસેથી ચક્રવૃદ્ધિથી પણ વધુ રાક્ષસી દરે વ્યાજ વસૂલવામાં આવી રહ્યું હતું, જેના પાપે આખરે દંપતીને જીવનલીલા સંતોષવાની નોબત આવી છે. 'પાક્કો ગુજરાત'ને મળેલી સાચી અને ચોંકાવનારી વિગતો મુજબ, મૃતક દંપતીએ ધંધાકીય કે અંગત જરૂરિયાત અર્થે સ્થાનિક વ્યાજખોરો પાસેથી અમુક રકમ વ્યાજે લીધી હતી. પરંતુ વ્યાજખોરોએ તેમની મજબૂરીનો ગેરલાભ ઉઠાવીને આર્થિક શોષણની તમામ હદો વટાવી દીધી હતી. આ કેસમાં સામે આવેલા ખુલાસા મુજબ વ્યાજખોરો દંપતી પાસેથી દરરોજનું રૂ. ૪૨,૦૦૦ જેટલું અકલ્પનીય વ્યાજ ઉઘરાવતા હતા! આટલું ઓછું હોય તેમ, જો કોઈ દિવસે આ ૪૨,૦૦૦ રૂપિયાનું દૈનિક વ્યાજ ચૂકવવામાં એક પણ દિવસનો વિલંબ થાય કે ચૂકવણી ન થઈ શકે, તો બીજા જ દિવસથી વ્યાજનો દર વધારીને સીધો રૂ. ૭૦,૦૦૦ પ્રતિ દિવસ કરી દેવામાં આવતો હતો! આ પ્રકારના અમાનુષી અને માનસિક રીતે તોડી પાડતા વ્યાજના ચક્રવ્યૂહમાં ફસાયેલું દંપતી આર્થિક અને માનસિક રીતે સંપૂર્ણપણે ભાંગી પડ્યું હતું. વ્યાજખોરો માત્ર અસહ્ય વ્યાજ વસૂલીને અટક્યા ન હતા. રોજ-બરોજ ઘર કે દુકાને આવીને ગાળો ભાંડવી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપવી અને સામાજિક રીતે બદનામ કરવાનો ત્રાસ આપવો વ્યાજખોરોની દિનચર્યા બની ગઈ હતી. વ્યાજ પેટે મૂળ રકમ કરતા અનેક ગણા પૈસા ચૂકવી દીધા હોવા છતાં, વ્યાજખોરોની પેનલ્ટી અને દૈનિક વ્યાજની રકમ ખૂટતી જ ન હતી. આખરે, વ્યાજખોરોના આ રાક્ષસી ત્રાસ, સતત મળતી ધમકીઓ અને દૈનિક ૭૦,૦૦૦ રૂપિયા સુધી પહોંચી જતા અમાનુષી બોજમાંથી છૂટવાનો કોઈ માર્ગ ન દેખાતાં દંપતીએ આ અંતિમ અને કરુણ પગલું ભરી લીધું હતું.

આ હૃદયદ્રાવક ઘટનાના પડઘા આખા રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં પડ્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ પોલીસે આ કેસમાં સામેલ તમામ નાણાં ધીરધારના ગેરકાયદેસર ધંધા સાથે સંકળાયેલા વ્યાજખોરો સામે મની લોન્ડરિંગ અને આત્મહત્યાની દુષ્પ્રેરણા (Abetment to Suicide) સહિતની સખત કલમો હેઠળ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



### અવનતી પોતાના ઈન્સ્ટાગ્રામ પર એકથી એક ચડિયાતી તસવીરો શૅર કરતી રહે છે

# અવનીત કૌરે વેકેશનની મોજ માણી બિકિનીમાં જોવા મળ્યો બોલ્ડ અંદાજ

મુંબઇ

ઈન્સ્ટાગ્રામ સેનસેશન અવનીત કૌરે બીચ પર વેકેશન માણતા હોય એવું મસ્ત ફોટોશુટ કરાવ્યું છે. આ ફોટોશુટમાં તેનો બોલ્ડ અંદાજ જોવા મળી રહ્યો છે. બોડી પરના કર્વ અને તેની મસ્ત સ્માઈલ પર ફેન્સ દિવાના બન્યા છે. સમયાંતરે અવનતી પોતાના ઈન્સ્ટાગ્રામ પર એકથી એક ચડિયાતી તસવીરો શૅર કરતી રહે છે. એક્ટ્રેસની આ તસવીર અમેરિકાના ફ્લોરિડાના પામ બીચ પરની હોવાનું જાણવા મળ્યું છે. આ બિચ પર અવનીત ખૂબ જ એન્જોય કરતી જોવા મળી રહી છે. એકથી એક બેસ્ટ તસવીર પોસ્ટ કરી. ઈન્સ્ટાગ્રામ પર પોતાની એકથી એક ચડિયાતી તસવીર પોસ્ટ કરતા અવનીતે કેપ્શનમાં લખ્યું હતું કે, અંદર હી અંદર ગરમીયો સે આગે નહીં બઢના ચાહતી. આ પરથી એટલું કહી શકાય છે કે, તે બિચગર્લના નવા અંદાજમાં ખુશ છે અને મોજ-મોજા કરી રહી છે. પીળા કલરની બિકિનીમાં તેણે એકથી એક ચડિયાતી તસવીર પોસ્ટ કરી છે. આ પહેલા પણ તે પોતાના બિકિની લૂકની તસવીર ઈન્સ્ટાગ્રામ પર શૅર કરી ચૂકી છે. ટુ પીસ બિકિનીમાં તેનો અંદાજ દમદાર લાગી રહ્યો છે. બોલ્ડ અને બ્યૂટીફૂલ ઈન્ફ્લુએન્સરની પોસ્ટના કોમેન્ટ બોક્સમાં ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. કેટલાક ફેન્સે તે આગ વાળુ ઈમોજી મૂકીને ફાયર લખી દીધું છે, તો કોઈએ આંખના સ્થાને હાર્ટવાળા ઈમોજીની લાઈન કરી દીધી છે. અવનીતનો આ બોલ્ડ અંદાજ ફેન્સને પસંદ પડી રહ્યો છે. આ પોસ્ટ પર 50 હજારથી વધારે લાઈક્સ આવી ચૂકી છે. 1000થી વધારે લોકોએ આ પોસ્ટના કોમેન્ટ બોક્સમાં પોતાની કોમેન્ટ પોસ્ટ કરી છે. એક યુઝરે તો લખ્યું કે બિચ, બિકિની ફેસકાર્ડ. અવનીત હાલમાં 25 વર્ષની છે, ઈન્સ્ટાગ્રામ પર 30 મિલિયનથી વધારે ફોલોઅર્સ ધરાવે છે. ડાન્સ ઈન્ડિયા ડાન્સ લિટર માસ્ટર્સથી તેણે સ્ક્રિનની દુનિયામાં એન્ટ્રી કરી હતી. ફિલ્મ 'મર્દાની'થી ફિલ્મ ક્ષેત્રે એન્ટ્રી કરી હતી. હાલમાં તે અમેરિકામાં પોતાનું વેકેશન એન્જોય કરી રહી છે.બોડી પરના કર્વ અને તેની મસ્ત સ્માઈલ પર ફેન્સ દિવાના બન્યા છે. સમયાંતરે અવનતી પોતાના ઈન્સ્ટાગ્રામ પર એકથી એક ચડિયાતી તસવીરો શૅર કરતી રહે છે. એક્ટ્રેસની આ તસવીર અમેરિકાના ફ્લોરિડાના પામ બીચ પરની હોવાનું જાણવા મળ્યું છે. આ બિચ પર અવનીત ખૂબ જ એન્જોય કરતી જોવા મળી રહી છે.

**પહેલા પણ તે પોતાના બિકિની લૂકની તસવીર ઈન્સ્ટાગ્રામ પર શૅર કરી ચૂકી છે. ટુ પીસ બિકિનીમાં તેનો અંદાજ દમદાર લાગી રહ્યો છે**

# ટાઇગર નહીં, આમિર હતા શૂટરોના અસલી ટાર્ગેટ

## પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, લોરેન્સ ગેંગે જુલાઈ મહિનામાં સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો ક્લિપ દ્વારા આમિર ખાનને ધમકી આપી હતી

મુંબઇ

મુંબઈમાં અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા હુમલાની તપાસ કરી રહેલી પોલીસને એક મોટુ સિગ્નલ મળ્યું છે. પોલીસ સૂત્રોએ ખુલાસો કર્યો છે કે 20 સપ્ટેમ્બરે હરિયાણાથી મુંબઈ આવેલા શૂટરોનું અસલી નિશાન આમિર ખાન હતા. લોરેન્સ ગેંગના ઈશારે મુંબઈ પહોંચેલા શૂટરોએ આમિર ખાનના ઘરની ત્રણ વાર રેકી કરી હતી, પરંતુ શૂટિંગ અને સુરક્ષાના કારણે આમિર સુધી પહોંચવું મુશ્કેલ હતું. ત્યારબાદ, સરળતાથી મળી રહેવાને કારણે શૂટરોએ ટાઈગર શ્રોફને પોતાનું નિશાન બનાવ્યો. ટાઈગર અવારનવાર જુહુના પાર્કમાં ફૂટબોલ રમવા આવતા હતા. જુલાઈમાં લોરેન્સ ગેંગે આમિર ખાનને આપી હતી ધમકી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, લોરેન્સ ગેંગે જુલાઈ મહિનામાં સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો ક્લિપ દ્વારા આમિર ખાનને ધમકી આપી હતી. ધમકીમાં આમિર અને ગૌરી સ્પ્રેટના લગ્નને સનાતન ધર્મની વિરુદ્ધ ગણાવવામાં આવ્યા હતા અને ટૂંક સમયમાં પાઠ ભણાવવાની વાત કહેવામાં આવી હતી. સલમાન ખાનની કડક સુરક્ષા વ્યવસ્થાના કારણે તેમના સુધી પહોંચવું અશક્ય હતું, તેથી ગેંગે આમિર ખાનને પોતાનો મુખ્ય ટાર્ગેટ બનાવ્યો હતો. આમિરની 3 વાર રેકી કરી, પરંતુ એક્ટર જોવા ન મળ્યા અહેવાલો મુજબ, 20 સપ્ટેમ્બરે મુંબઈ પહોંચેલા શૂટરોએ બાંદ્રા સ્થિત આમિર ખાનના ઘરની આસપાસ ત્રણ વાર રેકી કરી હતી. જોકે, આમિર ખાન મોટાભાગનો સમય ફિલ્મોના શૂટિંગના કામે બહાર રહેતા હતા અથવા તો ઘણા દિવસો સુધી ઘરની બહાર નીકળતા નહોતા.



# પ્રજ્ઞા જયસ્વાલનો બ્લેક શૉર્ટ ડ્રેસમાં ગ્લેમરસ લુક

## પ્રજ્ઞાને પોતાની પ્રતિભા દ્વારા ખૂબ જ ખ્યાતિ મળી છે. તે પોતાના ગ્લેમરસ લુક્સથી ચાહકોના દિલ જીતી લે છે

મુંબઇ

બોલીવુડ અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પોતાની પ્રતિભાથી ઓળખ બનાવનાર અભિનેત્રી પ્રજ્ઞા જયસ્વાલ ફરી એકવાર પોતાના ગ્લેમરસ લુકને લઈને ચર્ચામાં આવી છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે અને અવારનવાર પોતાની સુંદર તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને ચાહકોનું ધ્યાન આકર્ષિત કરતી રહે છે. હાલમાં તેની કેટલીક ગ્લેમરસ તસવીરો સોશિયલ મીડિયા પર ચાહકોને ખૂબ પસંદ આવી રહી છે. પ્રજ્ઞા જયસ્વાલે તાજેતરમાં બ્લેક કલરના શોર્ટ આઉટફિટમાં પોતાની તસવીરો શેર કરી છે. આ આકર્ષક આઉટફિટમાં તે અત્યંત સ્ટાઈલિશ અને સુંદર દેખાઈ રહી છે. ખાસ કરીને ડ્રેસના આગળના ભાગમાં જોવા મળતી સ્પાર્કલિંગ ડિઝાઈન તેના લુકને વધુ આકર્ષક બનાવે છે. અભિનેત્રીએ પોતાના આ લુકને ન્યૂડ મેકઅપ, ખુલ્લા વાળ અને સુંદર ઈયરરિંગ્સ સાથે પૂર્ણ કર્યો છે. તેની ફેશન સેન્સ અને આત્મવિશ્વાસભર્યા અંદાજે ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. પ્રજ્ઞા જયસ્વાલે મોડલિંગ દ્વારા પોતાના કરિયરની શરૂઆત કરી હતી. 'મિસ પુણે' સ્પર્ધામાં સફળતા મેળવ્યા બાદ તેણે મનોરંજન જગતમાં પ્રવેશ કર્યો હતો. ત્યારથી તેણે પોતાની પ્રતિભા અને અભિનયના આધારે દર્શકોમાં ઓળખ ઊભી કરી છે. અભિનેત્રીની નવી તસવીરો પર ચાહકો તરફથી પ્રશંસાત્મક પ્રતિક્રિયાઓ મળી રહી છે. તેના ગ્લેમરસ અંદાજ, સ્ટાઈલિશ ફેશન અને સુંદર વ્યક્તિત્વની સોશિયલ મીડિયા પર ચર્ચા થઈ રહી છે. પ્રજ્ઞાનો આ લુક ફરી એકવાર સાબિત કરે છે કે તે અભિનયની સાથે પોતાની ફેશન સ્ટાઈલથી પણ ચાહકોને પ્રભાવિત કરવામાં સફળ રહે છે. પ્રજ્ઞાને પોતાની પ્રતિભા દ્વારા ખૂબ જ ખ્યાતિ મળી છે. તે પોતાના ગ્લેમરસ લુક્સથી ચાહકોના દિલ જીતી લે છે.






# રિલીઝ પહેલાં 'રામાયણ'નું બમ્પર ઓપનિંગ! એડવાન્સ બુકિંગ 10 કરોડને પાર...

## રિલીઝ થયા બાદ અનેક એવા થિયેટર્સમાં સીટ ખાલી નહીં બચે એવી મેકર્સ ધારણા કરી રહ્યા છે

મુંબઇ

રણબીર કપુરની ફિલ્મ 'રામાયણ' રિલીઝ થવાને 11 દિવસનો સમય બાકી રહ્યો છે. આજે આ 4 કરોડની ફિલ્મે એડવાન્સ બુકિંગના માધ્યમથી કરોડો રૂપિયા કમાઈ લીધાનો રિપોર્ટ મળ્યો છે. આ ફિલ્મ પાંચમી નવેમ્બરના રિલીઝ થઈ રહી છે, પણ લોકો અત્યારથી જ ફિલ્મનું એડવાન્સ બુકિંગ કરી રહ્યા છે. રિલીઝ થયા બાદ અનેક એવા થિયેટર્સમાં સીટ ખાલી નહીં બચે એવી મેકર્સ ધારણા કરી રહ્યા છે. આ વર્ષની સૌથી મોટી અને મોટા બજેટની ફિલ્મમાં 'રામાયણ' પહેલા ક્રમે આવે છે. એક રિપોર્ટ અનુસાર નિતેશ તિવારીના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મે અત્યાર સુધીમાં 1 લાખ 96 હજાર ટિકિટ પર બુકિંગ કરી લીધું છે. ફિલ્મના હિન્દી વર્ઝનને લઈને સૌથી વધારે બુકિંગ જોવા મળી રહ્યું છે. બીજા ક્રમે કન્નડ અને તેલુગુ ભાષાનો ક્રમ આવે છે. આ ત્રણેય ભાષામાં બુકિંગ સારા મળી રહ્યા છે. હાલમાં મેકર્સનો ફોક્સ માત્ર ભારતમાંથી જ કમાણી કરવાનો નથી, વર્લ્ડવાઈડ લેવલ પર સારી એવી કમાણી કરવાનો રહ્યો છે. અંગ્રેજી વર્ઝનમાં ફિલ્મ કેટલી કમાણી કરાવી જાય છે હાલમાં એના પર સૌથી વધારે ચર્ચા થઈ રહી છે. અલગ અલગ ડિસ્ટ્રિબ્યુટર્સ પાસેથી રિલીઝ થયા બાદ અસલી ચિત્ર જાણવા મળશે. કમાણીની વાત કરવામાં આવે તો એડવાન્સ ક્લેક્શન પેટે ફિલ્મે રવિવાર સુધીમાં 10 કરોડ 90 લાખનું ગ્રોસ ક્લેક્શન કર્યું છે. બ્લોક સિટની ગણતરી દૂર કરીએ તો સંખ્યા 8 કરોડ 70 લાખ પર આવીને અટકે છે. આ ફિલ્મને લઈને દેશા 149 શહેરમાંથી 4 મોટા થિયેટર્સ સંપૂર્ણ રીતે પેક થઈ ચૂક્યા છે. કુલ મળીને 4546 શૉ બુક થયાના રિપોર્ટ છે. પ્રતિસાદ સારો મળશે તો શૉની સંખ્યામાં નોંધપાત્ર રીતે વધારો કરવામાં આવશે એવું મેકર્સનું કહેવું છે. થોડા દિવસો પહેલા જ્યારે બુકિંગ શરૂ થયા હતા એ સમયથી લઈને રવિવાર સુધીના સમયગાળામાં 11 ટકાનો મોટો વધારો જોવા મળી રહ્યો છે.

# રજનીકાંતની 'જેલર 2' વર્લ્ડવાઇડ સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બની, જાણો કેટલા કરોડ રૂપિયા છાપ્યાં...

મુંબઇ

સુપરસ્ટાર રજનીકાંત સ્ટારર તમિલ એક્શન થ્રિલર 'જેલર 2' સિનેમાઘરોમાં રિલીઝ થયાને 11 દિવસ પૂર્ણ થઈ ગયા છે, છતાં દર્શકોમાં આ ફિલ્મનો ક્રેઝ અકબંધ જોવા મળી રહ્યો છે. 15 ઓક્ટોબરે રિલીઝ થયેલી આ ફિલ્મને દશેરાના તહેવાર ટાણે રજાઓનો પૂરો ફાયદો મળ્યો છે. તાજેતરમાં જ રજનીકાંત પોતાના પૌત્ર લિંગા સાથે આ ફિલ્મ જોવા થિયેટર પહોંચ્યા હતા. આ ફિલ્મે કમાણીમાં રિલીઝના 11 દિવસની અંદર જ વિશ્વભરમાં રૂપિયા 700 કરોડથી વધુનો આંકડો વટાવી લીધો છે.

કમાણી વિગતે વાત કરવામાં આવે તો, તારીખ 24 ઓક્ટોબરની સરખામણીએ 25 ઓક્ટોબરે 'જેલર 2' ના નેટ કલેક્શનમાં 6.4 ટકાનો વધારો નોંધાયો છે. 24 ઓક્ટોબરે ફિલ્મે 24.15 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જેમાં તમિલમાંથી રૂપિયા 17.35 કરોડ, તેલુગુમાંથી રૂપિયા 04.50 કરોડ, હિન્દીમાંથી રૂપિયા 3.15 કરોડ અને કન્નડમાંથી રૂપિયા 70 લાખનું કલેક્શન થયું હતું. જ્યારે 11મા દિવસ એટલે કે રવિવારની વાત કરીએ તો, આ ફિલ્મે દેશભરમાં રૂપિયા 25.70 કરોડની કમાણી કરી હતી. આ સાથે જ ભારતમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન રૂપિયા 398.70 કરોડ થઈ ગયું છે. ઓવરસીઝ માર્કેટની વાત કરીએ તો, 11મા દિવસે ફિલ્મે વિદેશમાંથી રૂપિયા 10 કરોડ કમાયા હતા, જેનાથી ગ્લોબલ ગ્રોસ કલેક્શન રૂપિયા 710.35 કરોડ સુધી પહોંચી ગયું છે. ભારતમાં રૂપિયા 398.70 કરોડની કમાણી સાથે 'જેલર 2' ભારતમાં બીજી સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બની ગઈ છે. જોકે, વર્લ્ડવાઈડ કલેક્શનના મામલે આ ફિલ્મ સૌથી આગળ નીકળી ગઈ છે. ભારતમાં તમિલ સિનેમાની સૌથી મોટી ફિલ્મ બનવા માટે તેણે રજનીકાંતની જ ફિલ્મ '2.0' નો રેકોર્ડ તોડવો પડશે.



### ભારતીય મહિલા ટીમે યુગાન્ડાને 41-18થી અને પુરુષ ટીમે મલેશિયાને 37-23થી હરાવ્યું

# કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ભારતનો દબદબો યથાવત્

ક્રાઇસ્ટચર્ચ

કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે ભારતીય પુરુષ અને મહિલા ટીમોએ શાનદાર પ્રદર્શન કરીને જીતની હેટ્રિક નોંધાવી હતી. અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી મેચોમાં ભારતીય મહિલા ટીમે યુગાન્ડાને 41-18થી જ્યારે પુરુષ ટીમે મલેશિયાને 37-23થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે બંને ભારતીય ટીમોએ ટુર્નામેન્ટમાં પોતાનો અજેય સિલસિલો જાળવી રાખ્યો છે.



મહિલા ટીમની યુગાન્ડા સામે શાનદાર જીત. ભારતીય મહિલા ટીમ અને યુગાન્ડા વચ્ચે રમાયેલી મેચની શરૂઆતમાં જ યુગાન્ડાએ ભારતીય કેપ્ટન નિધિ શર્માને ટેકલ કરીને પ્રથમ પોઈન્ટ મેળવ્યો હતો. જોકે, ભારતીય રેડર્સ અને ડિફેન્ડર્સે જલદી જ રમત પર પકડ જમાવી હતી. ભારતીય ટીમે આક્રમક રેડિંગ અને મજબૂત રક્ષણના જોરે પ્રથમ 10 મિનિટમાં જ યુગાન્ડાને ઓલઆઉટ કરીને મોટી લીડ મેળવી લીધી હતી. ભારતે હાફ ટાઈમ સુધી 22-9ની સરસાઈ મેળવી હતી. પ્રથમ હાફમાં નિધિ શર્માએ નવ રેડમાંથી સાત રેડ પોઈન્ટ મેળવીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. યુગાન્ડાની બીટ્રિસ નમાતાકાએ સુપર રેડ દ્વારા વાપસીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય ટીમની મજબૂત રમત સામે યુગાન્ડાની ટીમ ટકી શકી નહોતી. ભારતે અંતે 41-18થી જીત મેળવી હતી. નિધિ શર્માએ નવ પોઈન્ટ મેળવ્યા હતા, જ્યારે સાક્ષીએ આઠ અને અનુ સેને સાત પોઈન્ટ નોંધાવ્યા હતા. યુગાન્ડા તરફથી બીટ્રિસ નમાતાકાએ સાત પોઈન્ટ મેળવ્યા હતા. ભારતની મહિલા ટીમની આ સતત ત્રીજી જીત હતી, જ્યારે યુગાન્ડાને ટુર્નામેન્ટમાં પ્રથમ હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય પુરુષ ટીમે પણ મલેશિયા સામે દમદાર રમતનું પ્રદર્શન કર્યું હતું. નીરજ નરવાલે સુપર રેડ સાથે ભારતને શરૂઆતમાં જ લય અપાવી હતી.

## ટેનિસ સંઘની ચૂંટણી: મહેશ-સાનિયાએ ઉમેદવારી નોંધાવી

સિડની

ભારતીય ટેનિસ ખેલાડીઓ મહેશ ભુપતિ અને સાનિયા મિર્ઝાએ ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (એઆઈટીએ)ની એસઓએમ ચૂંટણી માટે નામાંકન ભર્યું છે. બંને જનરલ બોડી અને એક્ઝિક્યુટિવ કમિટીમાં ખેલાડીઓના પ્રતિનિધિ બનવાની દોડમાં છે. બીજી તરફ, લિએન્ડર પેસે નામાંકન ભર્યું નથી. આવી સ્થિતિમાં તેઓ એઆઈટીએ અધ્યક્ષ પદની ચૂંટણી લડી શકશે નહીં. લિએન્ડર પેસનું નામ 40 ખેલાડીઓની યાદીના ટિયર-1માં સામેલ છે. આ યાદીમાં સ્થાન મેળવનાર તેઓ એકમાત્ર ખેલાડી છે. બંગાળ ટેનિસ એસોસિએશને પણ અધ્યક્ષ પદ માટે તેમની ઉમેદવારીનું સમર્થન કર્યું હતું. જો કે, AITAના સુધારેલા બંધારણના નિયમ 12(બી) હેઠળ અધ્યક્ષ, મહાસચિવ અથવા ખજાનચીપદની ચૂંટણી લડવા માટે ઉમેદવાર SOM જનરલ બોડીના પ્રતિનિધિ હોવો જરૂરી છે. ઉપરાંત, તેણે AITAની એક્ઝિક્યુટિવ કમિટીમાં ઓછામાં ઓછો એક સંપૂર્ણ કાર્યકાળ પૂર્ણ કરેલો હોવો જોઈએ અથવા કોઈ રાજ્ય એકમમાં અધ્યક્ષ, મહાસચિવ અથવા ખજાનચી તરીકે સેવા આપેલી હોવી જોઈએ. પેસ રાજ્ય એકમના પ્રતિનિધિ તરીકે અધ્યક્ષપદની ચૂંટણી લડી શકતા નહોતા. તેથી તેમના માટે SOMની ચૂંટણીમાં નામાંકન ભરવું જરૂરી હતું. હવે તેઓ 27 નવેમ્બરે યોજાનારી AITAની ચૂંટણીમાં બંગાળના પ્રતિનિધિ તરીકે ભાગ લઈ શકે છે.

### આશીર્વાદની અદભુત પ્રતિભા અને વૈભવ સાથે સરખામણી

## 4 છગ્ગા, 14 ચોગ્ગા અને 107 રને અણનમ... વૈભવનો ભાઈ પણ જબરદસ્ત બેટર નીકળ્યો

અસ્તાના

ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર વૈભવ સૂર્યવંશી બાદ હવે તેમના નાના ભાઈ આશીર્વાદ સૂર્યવંશી પણ ક્રિકેટ જગતમાં ચર્ચામાં આવ્યા છે. આશીર્વાદે સ્થાનિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરતા બેટથી ગદર મચાવ્યો છે અને એક તુફાની શતકીય ઈનિંગ રમીને પોતાની ટીમને રોમાંચક જીત અપાવી છે. રવિવારે (25 ઓક્ટોબર) રમાયેલી એક સ્થાનિક પ્રેક્ટિસ મેચમાં આશીર્વાદ સૂર્યવંશીએ વિરોધી બોલરોની ધોલાઈ કરતા માત્ર 87 બોલમાં અણનમ 107 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. આ શાનદાર શતકીય પારી દરમિયાન તેમણે 14 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. તેમના આ પ્રદર્શનના દમ પર તેમની ટીમે 2 વિકેટથી



રોમાંચક વિજય મેળવ્યો હતો. આશીર્વાદના પિતા સંજીવ સૂર્યવંશીએ આ મેચનું સ્કોરકાર્ડ શેર કર્યું હતું, જ્યારે તેમના મોટા ભાઈ ઉજ્જવલ સૂર્યવંશીએ આ મેચનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. આશીર્વાદ સૂર્યવંશીના આ પ્રદર્શન અને તેની રમત અંગેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે: આશીર્વાદ સૂર્યવંશીએ તાજેતરમાં જ ક્રિકેટની ઔપચારિક ટ્રેનિંગ શરૂ કરી છે અને 1 વર્ષથી પણ ઓછા સમયના અભ્યાસ છતાં આવું શાનદાર પ્રદર્શન તેમની અદભુત પ્રતિભા અને લગન દર્શાવે છે. વૈભવ સૂર્યવંશી ડાબા હાથના બેટ્સમેન છે, જ્યારે આશીર્વાદ જમણા હાથના બેટ્સમેન હોવાની સાથે જમણા હાથથી મિડિયમ પેસ બોલિંગ પણ કરે છે અને પોતાને ઓલરાઉન્ડર તરીકે જુએ છે. વૈભવ સૂર્યવંશી હાલમાં ભારતીય ટીમ સાથે ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે, જ્યાં તેણે ટી20 સિરીઝની બીજી મેચમાં નંબર-3 પર બેટિંગ કરીને 4 રન બનાવ્યા હતા.

## 199 રને બેટિંગ કરતો પડિક્કલ ખરાબ અમ્પાયરિંગનો શિકાર

### પડિક્કલે 248 બોલમાં 24 ચોગ્ગા અને 3 છગ્ગા સાથે 199 રન બનાવ્યા હતા

મુંબઇ

ન્યૂઝીલેન્ડ-એ સામેની અનઓફિશિયલ ટેસ્ટમાં ઈન્ડિયા-એના બેટ્સમેન દેવદત્ત પડિક્કલ બેવડી સદીથી 1 રન દૂર રહ્યા. લિંકનના બર્ટ સટક્લિફ ઓવલમાં 199 રનના સ્કોર પર તેમને વિવાદિત કેચ આઉટ આપવામાં આવ્યો હતો. બોલ બેટને બદલે પેડ પર વાગ્યો હોવા છતાં અમ્પાયરના ખોટા નિર્ણયનો ભોગ બનતા ખેલાડીઓ સ્તબ્ધ થયા હતા. પડિક્કલે 248 બોલમાં 24 ચોગ્ગા અને 3 છગ્ગા સાથે 199 રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડ-એ સામેની અનઓફિશિયલ ટેસ્ટ સીરિઝના પ્રથમ મુકાબલામાં ઈન્ડિયા-એના પ્રતિભાશાળી બેટ્સમેન દેવદત્ત પડિક્કલ પોતાની બેવડી સદી ફટકારવાથી માત્ર એક જ રન દૂર રહી ગયો હતો. લિંકનના બર્ટ સટક્લિફ ઓવલમાં રમાઈ રહેલા આ રોમાંચક મુકાબલામાં પડિક્કલને 199 રનના સ્કોર પર એક વિવાદિત કેચ આઉટ આપવામાં આવ્યો હતો. બોલ તેના બેટને સ્પર્શવાને બદલે સીધો પેડ પર વાગ્યો હતો, છતાં અમ્પાયરે તેને આઉટ જાહેર કરતા ખેલાડી સહિત બધા સ્તબ્ધ થઈ ગયા હતા. અમ્પાયરના ખોટા નિર્ણયનો ભોગ બન્યો પડિક્કલ



મેચ દરમિયાન બનેલી આ ઘટના અંગેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે: બોલર જેક ગિબ્સનની લેગ સ્ટમ્પની બહારની બોલને ફ્લિક કરવાનો પ્રયાસ કરતી વખતે દેવદત્ત પડિક્કલ બેટથી ચૂકી ગયો હતો અને બોલ પેડ પર વાગ્યા બાદ સીધો વિકેટકીપર મિચેલ હેના હાથમાં ઝીલાયો હતો. ન્યૂઝીલેન્ડ-એના ખેલાડીઓની અપીલ પર અમ્પાયરે તુરંત આંગળી ઊંચી કરી દીધી હતી, જ્યારે પડિક્કલે સ્પષ્ટ કર્યું હતું કે બોલ તેના બેટથી ઘણો દૂર હતો છતાં તેને પેવેલિયન પરત ફરવું પડ્યું હતું.

શાનદાર બેટિંગ કરતા દેવદત્ત પડિક્કલે 248 બોલ્સ પર 199 રનની અદ્ભુત ઈનિંગ રમી હતી, જેમાં 24 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ હતા. બેવડી સદીથી માત્ર 1 રન દૂર હોવાથી આ પ્રકારે આઉટ થવું તેના માટે અત્યંત નિરાશાજનક રહ્યું હતું.

પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 113 રનમાં ઓલઆઉટ થઈ ગયા બાદ ઈન્ડિયા-એને આ મુકાબલામાં વાપસી કરવામાં દેવદત્ત પડિક્કલની આ રેકોર્ડબ્રેક ઈનિંગે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જ્યારે પડિક્કલ આઉટ થઈને પરત ફરી રહ્યો હતો, ત્યારે સાથી ખેલાડી યશ રાઠોડે પણ તેના આ શાનદાર પ્રયાસની પ્રશંસા કરી હતી અને ખભા પર હાથ રાખીને તેનો હોંસલો વધાર્યો હતો.



### E100 ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી

# પેટ્રોલ વગર દોડશે ગાડી! 100% ઈથેનોલથી ચાલતી કારને મંજૂરી

મુંબઇ

ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં સુધારા દ્વારા E100 ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી છે, જે 100% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર ચાલશે. આ નિર્ણય કાર ઉત્પાદકો દ્વારા નવા મોડેલો લોન્ચ કરતા પહેલા લેવાયો છે. E85 અને E100નો ઉપયોગ ફક્ત ખાસ ડિઝાઈન કરાયેલા વાહનોમાં જ થઈ શકશે. આ ટેક્નોલોજી બ્રાઝિલ જેવા દેશોમાં પ્રચલિત છે, જે કાર્બન ઉત્સર્જન ઘટાડશે અને ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઓછી કરશે. ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં નોટિફિકેશન બહાર પાડીને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી




આપી દીધી છે, જે 100% સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ E100 પર ચાલી શકશે. કાર ઉત્પાદકો દ્વારા તેમના E100 મોડેલો લોન્ચ કરવામાં આવે, તેના થોડા મહિનાઓ પહેલા જ આ મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ સુધારા દ્વારા ઉત્સર્જનની જોગવાઈઓમાં E85 ની સાથે E100 નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, 'E85 અને E100 નો ઉપયોગ માત્ર તે માટે ખાસ ડિઝાઈન અને પ્રમાણિત કરાયેલા વાહનોમાં જ થઈ શકશે અને તે અન્ય સામાન્ય વાહનો માટે લાગુ પડશે નહીં. E20 અથવા સામાન્ય બળતણથી ચાલતા વાહનો E85 કે E100 [illegible]નો ઉપયોગ કરી શકશે નહીં. આ સૂચના હાલના વાહન માલિકોને E85 પર શિફ્ટ થવા કે તેમના વાહનોમાં ફેરફાર કરવા માટે કહેતી નથી.' અધિકારીઓના જણાવ્યા મુજબ, ફ્લેક્સ ફ્યુઅલ ટેક્નોલોજીનો ઉપયોગ બ્રાઝિલ અને અમેરિકા જેવા દેશોમાં વ્યાપકપણે થાય છે. આ વાહનો એક જ સિંગલ ફ્યુઅલ ટેન્કનો ઉપયોગ કરીને ઈથેનોલ અને પેટ્રોલના વિવિધ મિશ્રણ પર ચાલવા માટે ખાસ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

### મસ્કે અમેરિકાના માટે 'X મની' ટિપિંગ ફીચરની જાહેરાત કરી

# X પોસ્ટને લાઈક કરીને યુઝરને $1ની ટિપ મોકલી શકાશે

મુંબઇ

મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X માટે એક નવા ફીચરની જાહેરાત કરી છે. આ હેઠળ યુઝર લાઈક બટનને લાંબો સમય દબાવીને કોઈપણ યુઝર અથવા ક્રિએટરને 1 ડૉલર ટિપ તરીકે મોકલી શકશે. આ ટ્રાન્ઝેક્શન Xના પેમેન્ટ પ્લેટફોર્મ 'X મની' દ્વારા પૂર્ણ થશે. આ ફીચર હાલમાં માત્ર અમેરિકાના X યુઝર્સ માટે જ ઉપલબ્ધ હશે. મસ્કે X પર પોસ્ટ દ્વારા આ અંગેની માહિતી આપી હતી. તેમણે પોસ્ટમાં લખ્યું, 'અમે X મની દ્વારા કોઈપણ વ્યક્તિને $1 મોકલવા માટે લાઈક બટન પર લાંબો સમય દબાવવાનો વિકલ્પ ઉમેરી રહ્યા છીએ.' આ નવી સિસ્ટમમાં કોઈ પોસ્ટના ક્રિએટરને પૈસા



મોકલવા માટે યુઝરે ફક્ત લાઈક બટનને લાંબો સમય દબાવી રાખવું પડશે. ત્યારબાદ X મનીના પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા 1 ડૉલર સીધો યુઝરના અકાઉન્ટમાંથી ટ્રાન્સફર થઈ જશે. આ ફીચર યુઝર્સને કોઈ અલગ પેમેન્ટ પ્રક્રિયામાં ગયા વિના સીધા ક્રિએટરને સપોર્ટ કરવાની સરળ રીત આપે છે. જોકે, Xએ હજુ સુધી તેના રોલઆઉટની તારીખ અથવા પાત્રતાની શરતો જાહેર કરી નથી. કંપનીએ એ પણ સ્પષ્ટ કર્યું નથી કે ડિફોલ્ટ $1ની રકમ બદલી શકાશે કે નહીં અથવા ભવિષ્યમાં વધારાના પેમેન્ટ વિકલ્પો ઉપલબ્ધ થશે કે નહીં. X મનીની શરૂઆત અમેરિકામાં જુલાઈ 2026માં થઈ હતી. આ સર્વિસ યુઝર્સને પિયર-ટુ-પિયર (P2P) એટલે કે વ્યક્તિથી વ્યક્તિ મની ટ્રાન્સફર, ડિપોઝિટ એકાઉન્ટ્સ અને X-બ્રાન્ડેડ વિઝા ડેબિટ કાર્ડની સુવિધા આપે છે. આ સર્વિસ સંપૂર્ણપણે 'ક્રોસ રિવર બેંક'ના બેન્કિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરે છે.

### સોનાની કિંમતમાં ઘટાડો, ચાંદી મોંઘી થઈ

# સોનું ₹340 ઘટીને ₹1.41 લાખ થયું, ચાંદી ₹635 વધીને ₹1.94 લાખ પહોંચી

### સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે

મુંબઇ

સોનાના ભાવમાં આજે એટલે કે 26 ઓક્ટોબરે ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 340 રૂપિયા ઘટીને 1.41 લાખ રૂપિયા થયું છે. જ્યારે ચાંદીની કિંમત આજે વધી છે. એક કિલો ચાંદીનો ભાવ 635 રૂપિયા વધીને 1.94 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. કોમોડિટી નિષ્ણાત અજય કેડિયા માને છે કે સોના-ચાંદીની ખરીદી હપ્તાઓમાં કરવી જોઈએ. થોડું અત્યારે ખરીદી લો અને થોડું-થોડું 15-20 દિવસના અંતરે ખરીદો. રોકાણ માટે એક-બે મહિના નહીં, પરંતુ 6 મહિનાથી લઈને એક વર્ષ સુધીનો સમયગાળો ધ્યાનમાં રાખીને ખરીદી કરવી જોઈએ. સર્ટિફાઇડ સોનું જ ખરીદો: હંમેશાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હોલમાર્ક ધરાવતું સર્ટિફાઇડ સોનું




જ ખરીદો. આ નંબર અલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રૉસ-ચેક કરો: સોનાનું ચોક્કસ વજન અને ખરીદીના દિવસે તેની કિંમત અનેક સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રૉસ-ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે. 1. મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

2. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

3. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલી ચાંદીમાંથી તાંબા જેવી ગંધ આવે છે.

4. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કાપડથી ઘસો. જો કાળો ડાઘ પડે તો તે અસલી છે. સોનાના

ભાવમાં આજે એટલે કે 26 ઓક્ટોબરે ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 340 રૂપિયા ઘટીને 1.41 લાખ રૂપિયા થયું છે. જ્યારે ચાંદીની કિંમત આજે વધી છે. એક કિલો ચાંદીનો ભાવ 635 રૂપિયા વધીને 1.94 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. કોમોડિટી નિષ્ણાત અજય કેડિયા માને છે કે સોના-ચાંદીની ખરીદી હપ્તાઓમાં કરવી જોઈએ. થોડું અત્યારે ખરીદી લો અને થોડું-થોડું 15-20 દિવસના અંતરે ખરીદો. રોકાણ માટે એક-બે મહિના નહીં, પરંતુ 6 મહિનાથી લઈને એક વર્ષ સુધીનો સમયગાળો ધ્યાનમાં રાખીને ખરીદી કરવી જોઈએ. સર્ટિફાઇડ સોનું જ ખરીદો: હંમેશાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હોલમાર્ક ધરાવતું સર્ટિફાઇડ સોનું જ ખરીદો.

## સેન્સેક્સ 483 પોઈન્ટ વધીને 73,607 પર બંધ થયો

■ નિફ્ટી પણ 153 પોઈન્ટ વધ્યો, IT અને ફાર્મા શેરોમાં વધુ ખરીદી જોવા મળી

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 26 ઓક્ટોબરે તેજી રહી. સેન્સેક્સ 483 પોઈન્ટ વધીને 73,607 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 153 પોઈન્ટનો ઉછાળો રહ્યો અને તે 22,753 પર બંધ થયો. મેટલ, IT અને ફાર્મા શેરોમાં આજે સૌથી વધુ ખરીદી રહી. જિયોના શેરનું આજે અલોટમેન્ટ જિયો પ્લેટફોર્મ્સના IPOનું અલોટમેન્ટ આજે એટલે કે 26 ઓક્ટોબરે થઈ રહ્યું છે. જે રોકાણકારોને શેર અલોટ નહીં થાય, તેમને 27 ઓક્ટોબરથી પૈસા રિફંડ કરવામાં આવશે. બીજી તરફ, જેમને IPOમાં શેર અલોટ થયા છે, તેમના ડીમેટ ખાતામાં તે જ દિવસે શેર ક્રેડિટ કરી દેવામાં આવશે. જિયોના શેર 28 ઓક્ટોબરે BSE અને NSE પર લિસ્ટ થશે.

નિફ્ટીમાં સૌથી વધુ વધારો દર્શાવનારા શેરોમાં ડૉ. રેડ્ડીઝ લેબ્સ, બીએસઈ લિમિટેડ, જેએસડબ્લ્યુ સ્ટીલ, મેક્સ હેલ્થકેર અને એટર્નાનો સમાવેશ થાય છે; બીજી તરફ, સૌથી વધુ ઘટાડો દર્શાવનારા શેરોમાં શ્રીરામ ફાઈનાન્સ, ટાટા કન્ઝ્યુમર, એચડીએફસી લાઈફ, બજાજ ફાઈનાન્સ અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. એફએમસીજી (FMCG), મીડિયા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સિવાયના અન્ય તમામ સેક્ટોરલ સૂચકાંકો વધારા સાથે (ગ્રીન ઝોનમાં) બંધ થયા હતા.

# તહેવારો આવતાં જ કુંભકર્ણ નિંદ્રામાંથી જાગતું AMCનું ફૂડ વિભાગ!

## આખું વર્ષ કેમ નિષ્ક્રિય? દિવાળીમાં 'હપ્તા ઉઘરાવવાનો' ખેલ કે ખરેખર પ્રજાના સ્વાસ્થ્યની ચિંતા?–'પાક્કો ગુજરાત'નો આકરો સવાલ!!



અમદાવાદ

દિવાળી જેવા પવિત્ર અને આસ્થાના પર્વ નજીક આવતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) નું ફૂડ વિભાગ અચાનક 'સુપર એક્ટિવ' મોડમાં આવી ગયું છે. અમદાવાદ શહેરમાં ઠેર-ઠેર મીઠાઈ અને ફરસાણના વેપારીઓને ત્યાં રેપિડ ટેસ્ટિંગ કીટ લઈને અધિકારીઓ ચેકિંગ માટે દરોડા પાડી રહ્યા છે. AMC દ્વારા ચાર અલગ-અલગ ઝોનલ ટીમો બનાવીને સેમ્પલો લેબોરેટરીમાં મોકલવાની મોટી મોટી જાહેરાતો અને ડ્રામા કરવામાં આવી રહ્યો છે.

પરંતુ, અહીં સૌથી મોટો અને વિસ્ફોટક સવાલ એ ઊભો થાય છે કે: આ ફૂડ વિભાગ આખું વર્ષ ક્યાં ઊંઘી રહ્યું હોય છે? માત્ર તહેવારોના સમયે જ આ અધિકારીઓને પ્રજાના સ્વાસ્થ્યની યાદ કેમ આવે છે?

આજકાલ અમદાવાદના ખૂણે-ખૂણે ફરસાણ અને મીઠાઈના વેપારીઓને ત્યાં AMC ના અધિકારીઓ પહોંચી રહ્યા છે અને મીઠાઈ-માવાની ગુણવત્તા તપાસવાના નામે સેમ્પલો એકત્રિત કરી રહ્યા છે. જો ફૂડ વિભાગ આખું વર્ષ નિયમિત અને પ્રામાણિકતાથી કામગીરી કરતું હોત, તો વેપારીઓ કે ભેળસેળિયા માફિયાઓ પ્રજાના જીવ સાથે ચેડાં કરવાની હિંમત જ ન કરી શક્યા હોત!

આ ઘટનાએ વહીવટી તંત્રની દાનત સામે ગંભીર શંકાઓ ઊભી કરી છે.

હપ્તાખોરીનો ખેલ: સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં ગુસપુસ ચાલી રહી છે કે તહેવારોના સમયે જ ફૂડ વિભાગની ટીમો નીકળવા પાછળનું અસલી કારણ ગુણવત્તા તપાસવાનું નહીં, પણ તહેવાર ટાણે મસમોટા 'હપ્તા અને દિવાળી બોનસ' ઉઘરાવવાનું છે!

દંડાત્મક એક્શનના નામે સેટિંગ: સેમ્પલ લીધા બાદ મોટાભાગના કિસ્સાઓમાં રિપોર્ટ આવે ત્યાં સુધીમાં તો તહેવાર પૂરો થઈ જાય છે અને દૂષિત મીઠાઈઓ પ્રજાના પેટમાં પચી પણ જાય છે! તો પછી આ તપાસનો અર્થ શું?

દિવાળીમાં ઘરોઘર માવો, કાજુ કતરી, ઘારી અને જાતજાતના ફરસાણ ખવાતા હોય છે. આવા સમયે મિલાવટી માવો અને કેમિકલયુક્ત કલર વાપરીને અસંખ્ય નાગરિકોના રોગપ્રતિકારક તંત્ર અને પાચનતંત્ર સાથે ખીલવાડ કરવામાં આવે છે. પરંતુ AMC ના અધિકારીઓ માત્ર કેમેરા સામે પોઝ આપીને, ચાર ટીમોના ફોટા પડાવીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લે છે.

જો આખા વર્ષ દરમિયાન સરપ્રાઈઝ ચેકિંગ કરીને ભેળસેળિયા વેપારીઓ સામે કડક પાસા કે જેલભેગા કરવાની કાર્યવાહી કરી હોત, તો આજે દિવાળીના સમયે પ્રજાને ઝેરી અને નકલી માવો ખાવાનો વારો ન આવ્યો હોત.

### 'પાક્કો ગુજરાત'નો સીધો અને અણિયારો સવાલ..!!

'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ગંભીર મુદ્દે AMCના ઉચ્ચ અધિકારીઓ અને શાસકોને સીધા બોલ્ડ સવાલો પૂછે છે

1. આખું વર્ષ ફૂડ સેફ્ટી ઓફિસરો ક્યાં ગાયબ રહે છે? શું સામાન્ય દિવસોમાં અમદાવાદની પ્રજા મિલાવટી ખોરાક ખાય તો તંત્રને કોઈ વાંધો નથી?
2. દિવાળીના સમયે જ નીકળતી આ ચાર ટીમો સામે 'હપ્તા ઉઘરાવવાનો' જે આક્ષેપ થઈ રહ્યો છે, તેના પર કોર્પોરેશન શું સ્પષ્ટતા કરશે?
3. જે વેપારીઓના સેમ્પલ ફેલ થાય છે, તેમના નામ સાર્વજનિક કરીને સોસાયટીઓ વચ્ચે જાહેર કેમ કરવામાં આવતા નથી?

તહેવારોના નામે ચાલતો આ નાટક અને વહીવટી રોફ બંધ થવો જોઈએ. પ્રજાને શુદ્ધ અને સાચો ખોરાક આખું વર્ષ મળે તેવી કાયમી સિસ્ટમ ઊભી કરવામાં આવે તે જ સમયની માંગ છે!

---

અમદાવાદના વસ્ત્રાલમાં મોટો વહીવટી ગોટાળો

## 13 વર્ષ જૂની સોસાયટીનો 'નકશો' જ AMCના ચોપડેથી ગાયબ!

### અબજીબાપા લેક સોસાયટીના લે-આઉટ પ્લાન અને રેકોર્ડ ગુમ થતા વિવાદ, બંને ગેઈટ પર ગેરકાયદેસર બાંધકામના ગંભીર આક્ષેપો

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના વહીવટી તંત્રની ગંભીર બેદરકારી અને ભ્રષ્ટાચારનો વધુ એક ઘટસ્ફોટ પૂર્વ વિસ્તારમાંથી થયો છે. શહેરના વિકાસ અને ટાઉન પ્લાનિંગના દાવા કરતી AMC ની પોલ ખોલતી એક અત્યંત ચોંકાવનારી ઘટના વસ્ત્રાલ વિસ્તારમાંથી સામે આવી છે. વસ્ત્રાલમાં આજથી આશરે ૧૩ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલી 'અબજીબાપા લેક સોસાયટી'નો મૂળ લે-આઉટ પ્લાન (Layout Plan) અને જમીન-દસ્તાવેજી રેકોર્ડ AMC ના પોતાના જ ચોપડેથી ગાયબ થઈ ગયો હોવાની વાત બહાર આવતા ભારે હચમચ મચી ગઈ છે!

સોસાયટી બની ગઈ, મકાનો બની ગયા અને લોકો વર્ષોથી વસવાટ પણ કરી રહ્યા છે, પરંતુ સત્તાવાર દસ્તાવેજોમાં સોસાયટીનો નકશો જ ન મળવાથી તંત્રની કામસૂચક લાપરવાહી જગજાહેર થઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વસ્ત્રાલ વિસ્તારમાં અબજીબાપા લેક સોસાયટીનું નિર્માણ થઈને અંદાજે ૧૩ વર્ષ જેટલો લાંબો સમય વીતી ચૂક્યો છે. સામાન્ય રીતે કોઈપણ સોસાયટી કે કોમ્પ્લેક્સ બનતી વખતે AMC દ્વારા તેના લે-આઉટ પ્લાન, પાર્કિંગ સ્પેસ, રોડની પહોળાઈ અને પ્રવેશદ્વાર (ગેઈટ) ના નકશા મંજૂર કરવામાં આવે છે અને તેની ફાઈલો મ્યુનિસિપલ રેકોર્ડમાં કાયમ માટે સચવાતી હોય છે.

પરંતુ જ્યારે આ સોસાયટીના સંદર્ભમાં પદાધિકારીઓ કે નાગરિકો દ્વારા રેકોર્ડ ચકાસવામાં આવ્યા, ત્યારે ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી કે AMC ના એસ્ટેટ અને ટીપી વિભાગના દફતરમાં આ સોસાયટીનો ઓરિજિનલ લે-આઉટ પ્લાન અને રેકોર્ડ જ ઉપલબ્ધ નથી! નકશો જ ગાયબ થઈ જવાની આ ઘટના પાછળ કોઈ મોટું કૌભાંડ કે ભ્રષ્ટાચાર સંડોવાયેલો હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## રામોલ-CTM એક્સપ્રેસ હાઈવે પરથી હથિયાર સપ્લાયર ઝડપાયો, 2 દેશી પિસ્તોલ અને જીવતા કારતૂસ જપ્ત

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ગુનાખોરી પર અંકુશ મેળવવા માટે પોલીસ સતત સક્રિય છે, ત્યારે રામોલ પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે એક અત્યંત સનસનાટીભરી અને ખતરનાક રેકેટનો પર્દાફાશ કર્યો છે. રામોલથી સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા એક હથિયાર સપ્લાયર યુવકને પોલીસે ફિલ્મીઢબે ઝડપી પાડ્યો છે. તેની પાસેથી ઘાતક હથિયારોનો જથ્થો મળી આવતા સમગ્ર પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલા આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે મહારાષ્ટ્રના નાસિકથી ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી કરવા માટે અમદાવાદ આવ્યો હતો. રામોલ પોલીસે ઝડપેલા આરોપીની ઓળખ ઝાકિરબેગ મિર્ઝા (રહે. નાસિક) તરીકે થઈ છે. પોલીસે તેની અંગજડતી અને બેગની તપાસ કરતા તેમાંથી ૨ દેશી પિસ્તોલ અને ૨ જીવતા કારતૂસ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સોલા STP પ્લાન્ટમાં ગોઝારી દુર્ઘટના

## વેલ્ડિંગ કામ દરમિયાન 4 કર્મચારીઓ ખાબક્યા, 2 બેભાન હાલતમાં રેસ્ક્યુ કરાયા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના પાપે અને તંત્રની મોટી લાપરવાહીના કારણે ફરી એકવાર ગંભીર અને જીવલેણ દુર્ઘટના સામે આવી છે. સોલા વિસ્તારમાં આવેલા AMCના ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન (STP) પ્લાન્ટમાં ચાલી રહેલા ખતરનાક વેલ્ડિંગના કામ દરમિયાન એક ભયાનક અકસ્માત સર્જાયો છે. HNB એજન્સી હેઠળ કામ કરતા ચાર કર્મચારીઓ પ્લાન્ટની અંદર વેલ્ડિંગની કામગીરી કરી રહ્યા હતા, તે વેળાએ અચાનક ગૂંગળામણ અથવા ઝેરી વાયુની અસર થતાં બેભાન થઈને અંદર ખાબક્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી



માહિતી મુજબ, સોલા ખાતે આવેલા એસટીપી પ્લાન્ટમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતી HNB એજન્સીના ચાર કર્મચારીઓ ગ્રાઉન્ડ લેવલ કે અંદરના ભાગમાં વેલ્ડિંગનું કામ કરી રહ્યા હતા. કામકાજ દરમિયાન અચાનક પ્લાન્ટની અંદર સર્જાયેલી સ્થિતિ કે ઝેરી ગેસના સદ્દગત પ્રભાવના કારણે ચારેય કર્મચારીઓ બેભાન થઈ ગયા હતા અને સંતુલન ગુમાવીને ઊંડાણમાં પટકાયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પમ્પિંગ સ્ટેશન પર હાજર અન્ય કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે ભય અને દોડધામ મચી ગઈ હતી. બે કામદારોને સિવિલ હોસ્પિટલ ખસેડાયા: ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ભારે જહેમત બાદ બે કર્મચારીઓને બેભાન હાલતમાં બહાર કાઢી સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો મેગા ભ્રષ્ટાચાર પર્દાફાશ

## 400 કરોડના સ્ટ્રીટલાઈટ મેન્ટેનન્સ ટેન્ડરમાં 100 કરોડ રૂપિયાનું મસમોટું કૌભાંડ આચર્યાની આશંકા

અમદાવાદ

અમદાવાદને વર્લ્ડ ક્લાસ અને સ્માર્ટ સિટી બનાવવાની મોટી મોટી વાતો કરતી મ્યુનિસિપલ કોર્પોરેશનની પોલ હવે ખુલ્લી પડી ગઈ છે. અમદાવાદ શહેરમાં આવેલ આશરે 2.22 લાખ સ્ટ્રીટલાઈટ પોલના પાંચ વર્ષના લાંબા ગાળાના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે બહાર પાડવામાં આવેલા અધધ 400 કરોડ રૂપિયાના મસમોટા ટેન્ડરને લઈને અત્યારે રાજકારણમાં અને શહેરમાં ભારે વિવાદ અને ભૂકંપ સર્જાયો છે. કરોડો રૂપિયાના આ ટેન્ડરમાં સીધા 100 કરોડ રૂપિયાના કૌભાંડની આશંકા વ્યક્ત કરવામાં આવતા સત્તાધીશો સામે ગંભીર સવાલો ઉભા થયા છે. વિપક્ષી નેતાઓ અને ખાસ કરીને કોંગ્રેસના કોર્પોરેટર નિરવ બક્ષીએ આ ટેન્ડર પ્રક્રિયા સામે મેદાને આવીને સત્તાધીશો અને અધિકારીઓની મિલીભગતનો પર્દાફાશ કર્યો છે. તેમના સનસનાટીભર્યા આક્ષેપ મુજબ, બજારમાં અત્યારે અનેક આધુનિક ટેકનોલોજી ધરાવતી સક્ષમ એજન્સીઓ ઉપલબ્ધ છે, છતાં પણ માત્ર અને માત્ર કોઈ એક ચોક્કસ અને મનપસંદ એજન્સીને જ આ કરોડો રૂપિયાનું કામ મળી જાય તે માટે ટેન્ડરની નિયમો અને શરતોમાં વારંવાર ગેરકાયદેસર ફેરફારો કરવામાં આવ્યા છે. સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે આ કોઈ નાનુંસૂનું નહીં પરંતુ એક જ કામ માટે છઠ્ઠી વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે, જે આખી પ્રક્રિયા પર શંકાની સોય તાણે છે.

સ્માર્ટ સિટીના દાવાઓ કરતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વાસ્તવિકતા એ છે કે શહેરમાં આજે પણ નાગરિકો સ્ટ્રીટલાઈટની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. નિરવ બક્ષીના દાવા અનુસાર, અમદાવાદ શહેરના અંદાજે 70થી 80 જેટલા મહત્વપૂર્ણ માર્ગો અને વિસ્તારો પર લાંબા સમયથી સ્ટ્રીટલાઈટ બંધ હોવાના કારણે અંધારપટની કાળીરાત્રી છવાયેલી રહે છે. સામાન્ય પ્રજા અંધારામાં જીવવા મજબૂર બનતી હોય ત્યારે બીજી બાજુ તંત્ર કરોડો રૂપિયાના સંચાલન અને જાળવણીના ટેન્ડરોમાં કૌભાંડ આચરવામાં વ્યસ્ત છે. નાગરિકોની સુખાકારીના નામે માત્ર કાગળ પર વિકાસના દાવા કરાઈ રહ્યા છે.

સરખેજની અલહુદા સ્કૂલ સામે DEOની કાર્યવાહી

## શિક્ષણ નિરીક્ષકે તપાસ કરતા મંજૂરી વગર સ્થળ ફેરફાર કર્યો હોવાનું સામે આવ્યું

અમદાવાદ

અમદાવાદ શહેરની વધુ એક શાળાની મનમાની સામે આવી છે. સરખેજ વિસ્તારમાં આવેલી અલહુદા શાળા દ્વારા મંજૂરી વગર સ્થળ ફેરફાર કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. શિક્ષણ નિરીક્ષકની ટીમ દ્વારા શાળામાં તપાસ કરવામાં આવતા શાળાએ કોઈપણ પ્રકારની મંજૂરી વગર અન્ય જગ્યાએ સ્થળ ફેરફાર કરી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં આવતો હોવાનું ખુલ્યું હતું. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળા સામે કાર્યવાહી કરાઈ છે. અલહુદા સ્કૂલને નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. જો યોગ્ય જવાબ રજૂ નહીં કરે તો કડક કાર્યવાહી કરવાની પણ તૈયારી દર્શાવી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, શાળાઓમાં ગેરકાયદેસર પ્રવૃતિ અથવા તો કોઈ શાળાની જે જગ્યાએ મંજૂરી મળી છે કે નહીં, તેમજ તે જગ્યાએ શાળા ચાલે છે તેની તપાસ કરવામાં આવી હતી. થોડા સમય પહેલા અલફલાહ સ્કૂલ જે રખિયાલ વિસ્તારમાં આવેલી છે તેની પણ માન્યતા રદ કરવા માટે રિપોર્ટના આધારે દરખાસ્ત કરવામાં આવી છે. તેમજ સરખેજ વિસ્તારમાં આવેલી અલહુદા સ્કૂલની પણ બેદરકારી સામે આવી છે. જે જગ્યાએ શાળાને મંજૂરી મળી નથી તે જગ્યાએ શાળા ચાલતી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. મંજૂરી વગર શાળાએ સ્થળ ફેરફાર કર્યો હોવાનું સામે આવ્યું છે.




## સંક્ષીપ્ત સમાચાર

### કલર ડાઈઝ અને કેમિકલના વેપારીઓને ચૂનો લગાવનાર ઠગ મોહિત સહાની અમદાવાદ EOWની પકડમાં!

અમદાવાદ શહેરના વ્યાપારી વર્ગ સાથે છેતરપિંડી આચરતા આંતરરાજ્ય ઠગ અને કુખ્યાત માફિયાઓ સામે આર્થિક અપરાધ નિવારણ શાખા (EOW) દ્વારા અત્યંત આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. કલર ડાઈઝ અને કેમિકલના મોટા વેપારીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના ગુનામાં છેલ્લા ઘણા સમયથી વોન્ટેડ એવા રાજસ્થાનના જયપુરના મુખ્ય આરોપીની EOW ની ટીમે આખરે રવિવારે કડાકાભેર ધરપકડ કરી લીધી છે. આ કુખ્યાત ઠગના પકડાઈ જવાથી ગુજરાત અને બહારના રાજ્યોના અનેક વેપારીઓની આંખ ઉઘડી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ શહેરના EOW (Economic Offences Wing) પોલીસ સ્ટેશનમાં કલર ડાઈઝ અને કેમિકલના ધંધા સાથે સંકળાયેલા વેપારીઓ સાથે અંદાજે ૨૨.૨૫ લાખ રૂપિયાની મસમોટી ઠગાઈ અને વિશ્વાસઘાત કરવા અંગેનો સત્તાવાર ગુનો નોંધાયો હતો. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનરની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ અને EOW ની સ્પેશિયલ ટીમો કામે લાગી હતી અને જયપુરના રહેવાસી મોહિત સહાની નામના શખ્સને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

### શેરબજારમાં ઊંચા વળતરની લાલચે કૌભાંડ: 100 રોકાણકારો પાસેથી 1.27 કરોડ પડાવનાર બે ઠગ ઝડપાયા

અમદાવાદ શહેરમાં સામાન્ય અને ભોળા રોકાણકારોની મહેનતની કમાણી પર તરાપ મારતી આંતરરાજ્ય અને ઠગ ગેંગ્સ સામે આર્થિક અપરાધ નિવારણ શાખા (EOW) અને ક્રાઈમ બ્રાન્ચે સકંજો કસ્યો છે. શેરબજારમાં રોકાણ કરવાના નામે અને ટૂંક સમયમાં જંગી વળતર આપવાના મોટા-મોટા વાયદા કરીને અંદાજે ૧૦૦ જેટલા રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર કુખ્યાત કૌભાંડીઓની EOW એ ધરપકડ કરી લીધી છે. આ પર્દાફાશથી ફાઈનાન્સ અને શેરબજારના નામે છેતરપિંડી આચરનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપીઓ દ્વારા 'ડિસિપ્લિન ટી એન્ડ ટી વેન્ચર્સ પ્રા.લી.' નામની બોગસ કંપની ઊભી કરવામાં આવી હતી. આ કંપનીના માધ્યમથી લોકોના મનમાં લાલચ જગાડવામાં આવી હતી કે જો તેઓ શેરબજારમાં રોકાણ કરશે તો તેમને માત્ર બે જ વર્ષમાં નાણાં ત્રણ ગણા કરી આપવામાં આવશે. આટલું જ નહીં, રોકાણકારોને આકર્ષવા માટે દર મહિને ૨ થી ૨.૫ ટકા જેટલું આકર્ષક માસિક વળતર આપવાની ઝાંસી પણ આપવામાં આવી હતી. આ લોભામણી વાતોમાં આવીને અંદાજે ૧૦૦ જેટલા રોકાણકારોએ પોતાની જીવનભરની બચત આ ઠગોના ખાતામાં ઠાલવી દીધી હતી અને કુલ ૧.૨૭ કરોડ રૂપિયાની મસમોટી રકમ પડાવી લેવામાં આવી હતી.

### અમદાવાદના પૂર્વ વિસ્તાર બાપુનગરમાં તસ્કરોનો હાહાકાર, અનેક દુકાનોના શટર તોડી ચોરી

તહેવારો નજીક આવતાની સાથે જ અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ગુનાખોરો અને તસ્કરોનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધી ગયો છે. વેપારીઓ તહેવારોની મોસમમાં બે પૈસા કમાવાની આશા રાખી રહ્યા છે, ત્યારે બાપુનગર જેવા ધમધમતા વિસ્તારમાં તસ્કરોએ પોલીસને ખુલ્લો પડકાર ફેંકીને ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. બાપુનગર સ્થિત અન્નપૂર્ણા સોસાયટી તેમજ તેની આસપાસની સોસાયટીઓના મુખ્ય માર્ગો પર આવેલી દુકાનોને નિશાન બનાવી તસ્કરોએ લાખો રૂપિયાની મત્તા અને રોકડ રકમ પર હાથસાફ કરી પલાયન થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તસ્કરોએ મોડી રાત્રિના સુમારે અન્નપૂર્ણા સોસાયટી અને આસપાસના કોમર્શિયલ સકુલના બહારના ભાગે આવેલી દુકાનોના શટરો તોડીને કે અંદર ઘૂસીને ચોરી કરી હતી. દુકાનોમાં રાખેલી રોકડ રકમ તેમજ કિંમતી માલ-સામાન ચોરીને તસ્કરો રાત્રિના અંધારામાં રફુચક્કર થઈ ગયા હતા. સવારે જ્યારે વેપારીઓ પોતાની દુકાને પહોંચ્યા ત્યારે શટરોના તાળા તૂટેલા જોઈને તેમના પગ તળેથી જમીન ખસી ગઈ હતી.

### જુહાપુરામાં તલવાર વડે હિચકારો હુમલો: વેજલપુર પોલીસે લાલ આંખ કરીને ચાર આરોપીઓને ઝબ્બે કર્યા

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા જુહાપુરામાં અસામાજિક તત્વોનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. જુહાપુરાના નોવેલ્ટી પાન પાર્લર પાસે એક યુવક પર તીક્ષ્ણ તલવાર વડે જાનલેવા હુમલો કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત એક્શનમાં આવેલી વેજલપુર પોલીસે સઘન તપાસ હાથ ધરીને હુમલામાં સંડોવાયેલા ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને તેમની સામે કાયદેસરની સખત કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જુહાપુરા વિસ્તારમાં આવેલ જાણીતા નોવેલ્ટી પાન પાર્લર નજીક નજીવી બાબતે કે જૂની અદાવતમાં ચાર અસામાજિક શખ્સોએ એક યુવકને આંતરીને તેના પર તલવાર જેવા ઘાતક હથિયાર વડે તૂટી પડ્યા હતા. જાહેર રસ્તા પર જ યુવક પર તલવારના ઘા ઝીંકીને લોહીલુહાણ કરી દેવામાં આવ્યો હતો, જેનાથી આસપાસના રહીશો અને વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI